**સુવિચાર**

બીજી વ્યકિતઓ તમને ફકત માર્ગદર્શન આપી શકશે. તમારા જીવનનાં તમે પોતે જ ઘડવૈયા છો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૧૦/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો સુદ–૧ વર્ષ : ૧૫ અંક : ૨૪૭



ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services

એપોઈન્ટમેન્ટ માટે 9978223000

- હૃદયરોગ – બીપી
- શ્વાસ દમ ન્યુમોનિયા
- પક્ષઘાત – પેરાલીસીસ – આંચકી
- ડાયાબીટીસ – કીડની
- લીવરની તકલીફ વગેરે

ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીઝીશ્યન

વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## સ્વચ્છતાનાં આગ્રહી પૂ. મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે

# અમરેલી ખાતે પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા સ્વચ્છતા કાર્ય થયું

**પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણી**

**પૂ. બાપુએ સ્વચ્છતા સાથે સમરસતાના વિચારોની અમૂલ્ય ભેટ આપી : વેકરિયા**

**સાવરકુંડલા તાલુકાનું સ્વચ્છતા અભિયાન અંતર્ગત જનભાગીદારીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન**

**સાંસદ સુતરીયા, ધારાસભ્ય કસવાલા, જિલ્લા કલેકટર, ડીડીઓ સહિતનાં મહાનુભાવો જોડાયા**



અમરેલી, તા. ૨

સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં 'સ્વચ્છ ભારત દિવસ'– પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતી, 'સ્વચ્છ ભારત મિશન'ના સફળતાના શાનદાર ૧૦ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને અને સાંસદ ભરતભાઈ સુતરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વીજળીનાં કડાકા–ભડાકા સાથે ધબધબાટી

# ખાંભા પંથકમાં ભાદરવાનાં અંતિમ દિવસે મેઘરાજાએ સટાસટી બોલાવી

**હડિયો નદીમાં પુર આવતાં ભેંસ તણાઈ**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૨

ખાંભા પંથકમાં આજે ભાદરવાનાં અંતિમ દિવસે અને નવરાત્રિની પૂર્વ સંધ્યાએ વીજળીનાં કડાકા–ભડાકા સાથે દે ધનાધન વરસાદ પડેલ છે. ખાંભાની હડિયો નદીમાં પુર આવતાં ભેંસ તણાઈ હતી. તો મીતીયાળાનાં જંગલમાં પણ ૨ થી ૩ ઈંચ વરસાદ પડયાનાં વાવડ મળી રહ્યા છે. નાનુડી, ભાડ, ઈંગોરાળા, નાના વિસાવદર, પીપળવા, ભાવરડી, દાઢીયાળી, ઉમરીયા, લાસા સહિતનાં ગામોમાં વરસાદનાં વાવડ મળી રહ્યા છે.

### એક યુવક, બે આધેડ અને એક મહિલાનું અપમૃત્યુ

# અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં અલગ અલગ અપમૃત્યુનાં ૪ બનાવો બન્યા

**આર્થિક સંકડામણ, ગાય હડફેટે આવી જવા સહિતની ઘટના બની**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં છેલ્લા એક જ દિવસમાં ચાર જેટલાં અલગ અલગ અપમૃત્યુના બનાવો જે તે પોલીસ સ્ટેશનમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પ્રથમ બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ ચંદ્રમોલી સોસાયટીમાં રહેતા સુભાષભાઈ ઠાકરશીભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ–૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

www.headway.guru
9361241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯ સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, • ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત • લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU • આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

નવરાત્રીના પ્રારંભ અવસરે
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ ખરીદી કરો અને લાખોના ઈનામો જીતવાની તક મેળવો
તા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી

## પાલિકાનાં શાસકો કર્મચારીઓ પાસેથી કામ લેવામાં નિષ્ફળ

# અમરેલીમાં ફૂટપાથ પર દબાણ અને બંધ સ્ટ્રીટલાઈટની સંખ્યામાં સતત વધારો

**નવરાત્રિનાં તહેવારો શરૂ થતાં હોવા છતાં પણ શહેરનાં રાજમાર્ગો અને જાહેર સ્થળો પરની બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થતી નથી**

**સિનીયર સિટીઝન પાર્કની આઠથી દશ લાઈટ બંધ છતાં કોઈની નજર પડતી નથી**

**ગાંધીબાગ નજીક અને સામેની ફૂટપાથ પર દિ'ઉગેને દબાણ વધી રહ્યું છે**

**નાયબ દંડક દ્વારા દરમિયાનગીરી કરવામાં આવે તો શહેરની પ્રાથમિક સમસ્યા દૂર થઈ શકે તેમ છે**

અમરેલી, તા. ૨

અમરેલી શહેરમાં છેલ્લા એકાદ વર્ષથી અંદાજિત ૭૦૦ જેટલી સ્ટ્રીટલાઈટ બંધ હોવા છતાં પાલિકાનાં શાસકો રોશની વિભાગનાં કર્મચારીઓ પાસેથી બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરાવી શકતા નથી તેમજ શહેરમાં ગાંધીબાગ, ચિતલ રોડ, વરસડા રોડ સહિતનાં વિસ્તારોમાં આવેલ ફૂટપાથ પર સતત રેંકડી, કેબિન અને પાથરણાનું દબાણ વધી રહ્યું હોય દબાણ હટાવ વિભાગ પણ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયેલ છે.

અમરેલીનાં એક લાખ જેટલા મતદારો પાલિકામાં દાયકાઓથી ભાજપ અને કોંગ્રેસને સત્તાનું સુકાન સોંપ્યા કરે અને બંને પક્ષનાં નગરસેવકો શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં ક્રમશઃ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે.

અમરેલીમાં નવરાત્રિનાં પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. મોડી રાત સુધી ખેલૈયાઓ અને શહેરીજનોની અવરજવર રહેવાની હોય છતાં પણ પાલિકા ધ્વારા નવરાત્રિ પર્વે શહેરમાંથી અંધારપટ્ટ દૂર કરવા માટેની કોઈ તૈયારી જોવા મળતી નથી.

શહેરનાં રાજમાર્ગો અને સિનીયર સિટીઝન જેવા જાહેર સ્થળ ની પણ અનેક લાઈટ બંધ હાલતમાં જોવા મળે છે. તો શહેરની ગલીઓ, રહેણાંક વિસ્તારોમાં પણ બંધ સ્ટ્રીટલાઈટની હારમાળા જોવા મળે છે. તો બાયપાસ માર્ગની પણ સેંકડો લાઈટ બંધ હાલતમાં જોવા મળે છે.

અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ એકાદ મહિના માટે પાલિકાની કામગીરી પર નજર રાખીને આળશુ કર્મચારીઓ સામે ફરજ મોકુફી જેવા આકરા પગલા લેવા પડશે તો જ શહેરની બંધ સ્ટ્રીટીલાઈટ અને ફૂપાથ પરનું દબાણ જેવી સમસ્યા દૂર થશે.

---

## મુખ્યમંત્રી અને વનમંત્રીને પત્ર પાઠવ્યો

# ઈકો સેન્સેટીવ ઝોનના કાયદામાં લોક હિત માટે જરૂરી સુધારો કરો : પૂર્વ સાસંદ

**કાયદાનું વન અધિકારીઓ મનસ્વી અર્થઘટન કરશે**



અમરેલી, તા. ૨

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ ઈકો સેન્સેટીવ ઝોનના ગેજેટ / કાયદામાં લોકહીત અને ખેડૂત હીત માટે જરૂરી સુધારા ફેરફાર કરવા બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વન મંત્રી મુળુભાઈ બેરાને પત્ર પાઠવી લેખિત રજૂઆત કરેલ છે.

પૂર્વ સાંસદે જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરીવર્તન મંત્રાલય દ્વારા ગત તા. ૧૮/૯/૨૪ના રોજ ઈકો સેન્સેટીવ ઝોન અગેન જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જેમાં અમરેલી, ગીરસોમનાથ અને જૂનાગઢ જીલ્લાના કુલ ૧૯૬ ગામ/શહેરનો સમાવેશ થયેલ છે. જેમાંથી અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ૨૯, ખાંભા તાલુકાના ૩૬ અને સાવરકુંડલા તાલુકાના ૦૭ એમ કુલ ૭૨,૮૮૨ જેટલા વિસ્તારનો ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવેશ થયેલ છે.

આ ગેજેટમાં ભુમી ઉપયોગ, કુદરતી જળસ્ત્રોત, પર્યટન, પ્રાકૃતિક વિરાસત, માનવ નિર્મિત વિરાસત સ્થળ, ધ્વનિ પ્રદુષણ, વાયુ પ્રદુષણ ઉદ્યોગો વગેરે જેવા એકમોમાં વિકાસ કાર્યો કરવા માટે વન વિભાગ જરૂરી મજુરી મેળવવી પડશે તેવા દિશાદિર્નેશ જણાવવામાં આવ્યા છે. આ કાયદાઓનું વન અધિકારીઓ દ્વારા મનસ્વી અર્થઘટન કરવામાં આવશે અને જેના લીધે ઈકો ઝોનમાં સમાવિષ્ટ ગામો, શહેરો, વસાહતોમાં વસવાટ કરતા લોકો અને ખેડુતોને ખુબ જ મુશ્કેલીઓ પડશે.

વર્તમાનમાં પણ ફોરેસ્ટ એરીયામાં આવતા ગામો વિસ્તારમાં ખેડુતોને વન વિભાગની મજુરી ન મળ વાને લીધે વિજ જોડાણો મળતા નથી તેવા અનેક કિસ્સાઓ હયાત છે. તેમજ લોકોને આવન જાવન માટે પણ ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ તરફથી ચેકપોસ્ટ ઉપર ખુબ જ હેરાન કરતા હોવાની બાબતો જગ જાહેર છે. ઉપરાંત વન વિભાગ તરફથી ફોરેસ્ટ વિસ્તારમાં આવેલ સરકારી કે ખાનગી માર્ગોનું મરામત કાર્ય હોય કે પછી નિર્માણ કાર્ય તેની મજુરીઓ પણ સમય મર્યાદામાં આપવામાં આવતી નથી ત્યારે ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થતા આ વિસ્તારના લોકો અને ખેડુતોની મુશ્કેલીઓ ઘટનાને બદલે ખુબ જ વધશે તેમ પુર્વ સાંસદે જણાવેલ છે.

ઈકો સેન્સેટીવ ઝોન લીધે અમરેલીના જીલ્લાના ૭૨ ગામોમાં વસવાટ કરતા લોકો અને ખેડૂતોને પોતાની જીવન જરૂરીયાત માટે નાની મોટી તમામ પ્રકારની મજુરીઓ વન વિભાગ પાસે મેળવવાની રહેશે. કોઈએ પોતાની મીલકતમાં બાધકામ કરવું હોય કે બીનખેતી કરવી હોય કે પછી કોઈ નવા વેપાર ધંધા કમે ઉદ્યોગો સ્થાપવા હોય તો વન વિભાગના આકરા નિયમોનું પાલન કરવું પડશે. તેમજ ઈકો ઝોનના લીધે પશુપાલન તેમજ અન્ય રોજગારી આપતા વ્યવસાયો ઉપર પણ તેની પુરેપુરી અસર થવા સભવ છે. ઉપરાંત ઈકો ઝોન વિસ્તારમાં ઈટોના ભઠા જેવા અનેક વ્યવસાયો ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેની સીધી જ અસર નાના ગરીબ પરીવારો અને ખેડૂતો ઉપર થશે. ઈકો સેન્સેટીવ ઝોનમાં આવતા ખેતરોમાં ખેડુતોને કરવાના થતા આ.સી.સી. કામો, માટી કામ, વાહન ખરીદી જેવા તમામ બાબતોમાં પણ તેઓએ વન વિભાગના નિયમોને આધીન મજુરી મેળવવી પડશે જે ખેડુતો માટે ખુબ જ નુકસાનકર્તા છે.

પૂર્વ સાસંદે વધુમાં જણાવ્યું છે કે, ઈકો સેન્સેટીવ ઝોન લાગુ કરવા બાબતે અમોને કોઈ વિરોધ નથી પરંતુ પર્યાવરણ કે વન્યજીવના સરક્ષણ માટે લાગુ કરવામાં આવતા કઠોર નિયમોને લીધે આ વિસ્તારના લોકો અને ખેડૂતોને આજીવન નુકસાન થાય તે જ બનવું જોઈએ. આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં અનેકવિધ યોજનાઓ અને રાહત પેકેજો જાહેર કરી રહી છે ત્યારે ઈકો ઝોનના લીધે ખેડૂતોનો વિકાસ ન રૂધાય તે જોવું આપણી નૈતિક ફરજ છે.

ઈકો સેન્સેટીવ ઝોન કાયદા તેમજ મજુરી પ્રક્રિયામાં સરળતા આવે તથા ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારના લોકો અને ખેડુતોને જીવન જરૂરિયાત મભાટે વન વિભાગની મજુરી મેળવવાાની જરૂર ન પડે તે બાબતે ગેજેટમાં જરૂરી સુધારા વધારા કરવા અગે પૂર્વ સાંસદ પત્ર પાઠવી રજૂઆત કરેલ છે.

---

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગાંધી જયંતીની ઉજવણી



અમરેલી, તા. ૨

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગાંધીબાગ ખાતે સ્ટેચ્યુને સુતરના આંટી પહેરાવેલ તથા ગાંધીવંદના કાર્યક્રમ કરેલ. આ તકે વિદ્યાસભાના બાળકો હાજર રહ્યાં હતાં. ગુલાબની પાંદડીઓ અર્પણ કરેલ. સત્ય, અહિંસા અને પ્રેમના ગાંધીજીના આદર્શો તેમજ સ્વચ્છતા અંગેનો નારો લગાવેલ. આ તકે પ્રમુખ રાજેશ વિઠલાણી, દિનેશભાઈ ભુવા, કૌશિક હપાણી, હર્ષદ વઘાસીયા, રજની ધોરાજીયા, જતીન સુખડીયા, ભીખુ કાબરીયા, દિવ્યેશ તળાવીયા, ભરત કાબરીયા, મેહુલ બાબરીયા, દલસુખ રામોલીયા તથા કલબના અનય સદસ્યઓ હાજર રહેલ. દરેક સભ્યે ગાંધીજીના સ્ટેચ્યુને આંટી પહેરાવેલ વિદ્યાર્થી દ્વારા ધુનનો કાર્યક્રમ તેમ કલબના રાજુભાઈ પરીખ જણાવે છે.

---

# સાવરકુંડલા ખાતે સમૂહ સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો





સાવરકુંડલા, તા. ૨

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આટર્સ એન્ડ એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલાના એન.એસ.એસ. વિભાગ દ્વારા મહાત્મા ગાંધી જયંતીના પૂર્વદિવસે 'સ્વચ્છતા હી સેવા' અને 'માય ભારત પોર્ટલ' અંતર્ગત તા. ૧/૧૦/૨૪ના રોજ કોલેજ કેમ્પસ સમૂહ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીના ભાગસ્વરૂપે એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસ, બાગ–બગીચા, વર્ગખંડો, લાયબ્રેરી, કોલેજ કાર્યાલય તથા કોલેજ કમ્પાઉન્ડની આસપાસના ભાગે સફાઈ હાથ ધરવામાં આવી.

કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ.સી. રવિયા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષભાઈ ચૌહાણના નેતૃત્વમાં આ કાર્યક્રમનું આયોજન થયું હતું. કોલેજનો સમગ્ર સ્ટાફ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયો હતો.

---

# ખડસલીની લોકશાળામાં મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા. ૨

લોકશાળા ખડસલી લેવા તારીખ ૨–૧૦–૨૪ ના રોજ સવારે ૬–૦૦ વાગે પ્રાર્થનાસભામાં ગાંધી જયંતી તેમજ ત્યારબાદ સવારે ૮–૦૦થી ૧૦ સુધી સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં શાળા કેમ્પસ સફાઈ તેમજ ખડસલી ગૌમના જાહેર સ્થળોની સફાઈ અને પ્લાસ્ટિકનો યોગૌય નિકાલ કરવામાં આવ્યો આ કાર્યક્રમમાં નાનજીભાઈ મકવાણા પ્રવીણભાઈ પટેલ, ગોવાભાઈ ગાગીયા પ્રતિકભાઈ પટેલ તેમજ પીડી લાઈફ સંસ્થા વતી હીરાભાઈ દિહોરા અને તેમનો સ્ટાફ તેમજ લોકશાળા ખડસલીનો તમામ સ્ટાફ જોડાઈને સ્વચ્છતા અભિયાનની સુંદર કામગીરી કરેલ.

---

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# બાબરાનાં ધરાઈ ગામે ઘરફોડ ચોરી કરનાર બે પરપ્રાંતિય ઈસમો ઝડપાયા

**રૂપિયા ૩૧૭૨૭નો મુદ્દામાલ કબ્જે કરાયો**



અમરેલી, તા. ૨

બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા ધીરૂભાઈ રવજીભાઈ રામાણીની કરીયાણાની દુકાનમાં ગત તા. ૧૧/૯ની રાત્રીના કોઈ અજાણ્યા ચોર ઈસમો દરવાજાના નકુચા તોડી, દુકાનમાંથી રોકડ તથા સરસામાનની તેમજ વિપુલભાઈ રમેશભાઈ સાવલીયાની ઈલેક્ટ્રીક દુકાનના તાળા તોડી દુકાનમાંથી પરચુરણ રોકડની તેમજ જયંતિભાઈ વિઠ્ઠલભાઈ સતાણીના મજુરોના બે મોબાઈલ ફોન તથા બાબરા તાલુકાના વાવડી ગામે રાદડીયા પરિવારના કુળદેવીના મઢ માંથી ચાંદીના છત્તરની ચોરી થયેલ હોય. જે અંગે ધીરૂભાઈ રવજીભાઈ રામાણી, (રહે. ધરાઈ, તા. બાબરા) વાળાએ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાયેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકિકત આધારે ચોરીના મુદ્દામાલ સાથે સમરૂ જ્ઞાનસિંહ સોમલાભાઈ વાસ્કેલા (રહે. મધ્યપ્રદેશ હાલ રહે. વાંડળીયા ગામની સીમ, તા. બાબરા) તથા ઈડુ ઉર્ફે રાજેશ છગનભાઈ બંડડીયા (રહે. મધ્યપ્રદેશ હાલ રહે. વાંડળીયા ગામની સીમ, તા. બાબરા) વાળા બે પરપ્રાંતીય ઈસમોને રોકડ રૂપિયા ૫૦૦, ચાંદીના છત્તર વજન ૨૭ ગ્રામ કિંમત રૂપિયા ૨,૭૨૭, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૮,૫૦૦ તથા એક મોટર સાયકલ નંબર જી.જે.– ૦૮ એસ–૬૦૩૮ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૧,૭૨૭ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

---

## પાલિકા પ્રમુખ કરકર શહેર ભાજપ પ્રમુખ ખોખરીયા સહિતના અગ્રણીઓ દ્વારા

# બાબરામાં ભાજપ પરિવાર દ્વારા મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી કરાઈ

**ગાંધીબાપુને સુતરની આંટી અર્પણ કરી ખાદીનાં વસ્ત્રોની ખરીદી કરી**





બાબરા, તા. ૨

બાબરામાં ખાદી ભંડાર ખાતે શહેર ભાજપ પરિવાર દ્વારા ગાંધી જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી અહીં પૂજય ગાંધી બાપુને ભાજપ અગ્રણીઓ દ્વારા સુતરની આંટી અર્પણ કરી ખાદી વસ્ત્રોની ખરીદી કરવામાં આવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર, ધર્મેશભાઈ વાવડીયા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

---

# બાબરામાં હરિઓમ ગૌશાળા દ્વારા બીમાર ગૌ–વંશની પ્રેરણાદાયી સેવા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા નાના બસસ્ટેન્ડ પાસે આવેલ હરીઓમ ગૌશાળામાં બીમાર ગાયો અને આખલાઓની સેવા કરવામાં આવી રહી છે. જીલ્લામાં રોડ પર આખલાઓનાં જમાવડાનાં કારણે ઘણા અકસ્માતો થયાં હતાં જેમાં અનેક લોકો અકસ્માતમાં મુત્યુ પામેલા હતા. ત્યાર બાદ તંત્ર એકશનમાં આવ્યું હતું અને રોડ પર બેસતા આખલાઓને રોડ પરથી દુર મોકલી દેવામાં આવ્યા હતા. પણ આવું ચાલ્યું થોડા દિવસો માટે પાછું હતું એવુનાં એવું. બાબરામાં અનેક આખલાઓ રખડે છે અને અનેક આખલાઓ રોડ પર બેસતા હોય ત્યારે વાહનનોની ટકર લાગવાથી ગભીર રીતે ઘાયલ થયા છે . ત્યારે આવા ઘાયલ થયેલા આખલાઓની મદદ કરવા આવતા હોય તો એકમાત્ર હરી ઓમ ગૌશાળાનાં સેવાભાવી યુવાનો. આ યુવાનોને શહેરમાંથી અડધી રાત્રે ફોન આવે કે આ વિસ્તારમાં આખલો બીમાર છે તો તાત્કાલિક ત્યાં પહોચીને સારવાર કરે છે. જો એની સ્થળ પર સારવાર ન થઈ શકે એમ હોય તો પોતાની ગાડીમાં નાખી ગૌશાળા ખાતે લઈ જવામાં આવે છેઅને ત્યાં તેની સારવાર હાથ ધરવામાં આવે છે. ગમે તેવી દુર્ગંધ આવતી હોય કે ગમે તેવી હાલત હોય કે પછી પૂરા શરીરમાં જીવડા પડયા હોય, સડો બેઠો હોય તો પણ સેવાભાવી યુવાનો વિના સંકોચે સેવા અને સારવાર કરે છે. સેવાભાવી યુવાન ગજેન્દ્રભાઈ શેખવાએ જણાવ્યું હતું કે શહેરમાં મોટી સંખ્યામાં રેઢીયાર ઢોર રખડે છે જેની હિસાબે થોડા થોડા દિવસોમાં કોઈને કોઈ રેઢીયાર ઢોર બીમાર પડે છે અથવા અકસ્માતમાં ઈજાઓ પહોંચે છે એટલે અમારા ગ્રુપના ગમે એને ફોન આવે તો રાતદિવસ જોયા વગર અમો ત્યાં પહોંચી જઈએ છે અને સારવાર કરીએ છીએ . હાલ આ હરિ ઓમ ગૌશાળામાં અનેક લુલી લંગડી બીમાર ગાયો તથા નાની વાછરડી વાછડાઓ જોવા મળી રહ્યા છે અને તેની તમામની સારવાર પણ કરવામાં આવી રહી છે.

# અમરેલી જિલ્લાનાં જનપ્રતિનિધિઓ કેમ જવાબદાર તંત્રનો કાન આમળતા નથી

# દારૂનું વેચાણ, રેતીની ચોરી, ભ્રષ્ટાચાર સહિતની સમસ્યાઓનું નિરાકરણ ક્યારે ?

**જિલ્લાની જનતામાં પણ વ્યાપક ચર્ચા છે કે અનેક સ્થળોએ દારૂનું વેચાણ અને શેત્રુંજી નદીમાંથી રેતીની ચોરી થાય છે**

**સરપંચથી લઈને સાંસદ સુધીનાં પદાધિકારીઓ કયાં કારણોસર સરકારી વિભાગનો કાન આમળતા નથી**

**સરકારી બાંધકામોમાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર થાય અને છતાં પણ જનપ્રતિનિધિઓ એકશન લેતા નથી**

**સરપંચથી લઈને સાંસદ સુધીમાં જનપ્રતિનિધિઓ જાગૃત રહે તો એક ટીપુ દારૂ ન મળે અને એક ચપટી રેતીની ચોરી ન થાય**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ દેશી-વિદેશી દારૂનું વેચાણ અને સેવન, શેત્રુંજી સહિતની નદીઓમાંથી દિવસ-રાત રેતી ચોરી, સરકારી બાંધકામોમાં જવાબદારી અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા બિલ પાસ કરાવવામાં લેવાતી ટકાવારી સહિતની બેઈમાની અંગે હવે તો જનતા જનાર્દન જાહેરમાં ખુલ્લેઆમ બોલી રહી છે. છતાં પણ સરપંચથી લઈને સાંસદ કક્ષાનાં જનપ્રતિનિધિઓને અસામાજીક પ્રવૃત્તિ કે ભ્રષ્ટાચાર અંગે કોઈ જાણકારી નથી કે પછી તેઓની પણ કોઈ મિલીભગત છે તેવો વેધક પ્રશ્ન જનતામાં ઉભો થઈ રહ્યો છે.

અમરેલી જિલ્લામાં આજે મહાત્મા ગાંધીની જન્મજયંતીએ જનપ્રતિનિધિઓ અને અધિકારીઓએ દારૂબંધીનાં પ્રખર હિમાયતી, ભ્રષ્ટાચારનાં સખ્ત વિરોધ પૂ. બાપુને શ્રધ્ધાંજલિ અર્પણ કરીને અને તેઓનાં આદર્શને જીવનમાં ઉતારવા અને પૂ. બાપુએ ચિંધેલ માર્ગે ચાલવાનાં શપથ લીધા કે ભાષણ કર્યા. પરંતુ ખરેખર તેઓ પૂ. બાપુનાં ચિંધેલા માર્ગે ચાલી રહ્યા છે કે નહી તે અંગે તેઓએ તેમના આત્મા સાથે સંવાદ કરવો જોઈએ.

જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ કોઈપણ જાહેર કાર્યક્રમ હોય તેમાં ઉપસ્થિત બાળકોથી લઈને વૃધ્ધોને સત્યનાં માર્ગે ચાલવાનો ઉપદેશ આપતાં જોવા મળે છે. પરંતુ તેઓ કથની અને કરણીમાં વ્યાપક તફાવત જોવા મળી રહ્યો છે.

જિલ્લાનાં દરેક સરપંચ, તાલુકા-જિલ્લા પંચાયતનાં સદસ્યો, નગરસેવકો, ધારાસભ્યો અને સાંસદ જાગૃત બને તો જિલ્લામાં દારૂનું એક ટીપુ મળવું મુશ્કેલ બને, એક ચપટી જેટલી રેતી ચોરી ન થાય અને સરકારી બાંધકામોમાં થતી કમિશનબાજી પર સંપૂર્ણ વિરામ આવી શકે તેમ છે. તેવું જનતા જનાર્દન ચર્ચા કરી રહી છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## વીજપડી ગામે ચોરી કરનાર પરપ્રાંતિય ઈસમની મુદ્દામાલ સાથે અટકાયત કરાઈ

**આરોપી અનિલ માનસિંહ ડોડવા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૨

મહુવાતાલુકાનાસરેરાગામે રહેતારાહુલભાઈવાસુરભાઈબંધિયાની તા. ૧૮/૯નીરાત્રીનાવીજપડીગામેબસ સ્ટન્ડ પાસે આવેલ બજરંગ મોબાઈલ નામની દુકાનના પાછળના ભાગે કોઈ અજાણ્યા ચોર ઈસમ બખોરૂ પાડી દુકાનમાંરહેલએકમોબાઈલફોનકિંમત રૂપિયા ૭,૦૦૦ તથા રોકડ રૂપિયા ૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૯,૦૦૦ ના મુદ્દામાલની ચોરી થયા અંગે રાહુલભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ સાવરકુંડલા રૂરલ પોલીસસ્ટેશનમાંનોંધાવેલહતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા બાતમીના આધારે રોકડા રૂપિયા ૨,૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૧ કિંમત રૂપિયા ૭,૦૦૦ મળી કુલ રૂપિયા ૯,૦૦૦ ના મુદ્દામાલ સાથે અનીલ માનસિંહ ડોડવા, (રહે. મધ્યપ્રદેશહાલરહે.ડેડકડીગામનીસીમ, તા. સાવરકુંડલા) વાળા પરપ્રાંતિય ઈસમને પકડી પાડી, ૧૦૦% મુદ્દામાલ રીકવર કરી ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

## મોટા માંડવડા ખાતે મહાત્મા ગાંધીની જયંતીની ઉજવણી



અમરેલી, તા. ૨

આજરોજ તા. ૨ જી ઓકટોબર ૨૦૨૪ ના રોજ મોટા માંડવડા આંગણવાડી કેન્દ્ર ખાતે આઈસીડીએસ દ્વારા ગાંધી જયંતી અનેઆઈસીડીએસસ્થાપનાદિનની ઉજવણીકરવામાંઆવેલ.કાર્યક્રમમાં આઈસીડીએસ સુપરવાઈઝર દેવાંગીબેન ગોસ્વામી, સરપંચ પ્રતિનિધિ સંદીપભાઈ ટીંબડીયા, તલાટી કમ મંત્રીસદામભાઈ કાજી, આંગણવાડી કાર્યકર, તેડાગર, લાભાર્થીબાળકોઅનેવાલીઓહાજર રહેલ.

બાળકો દ્વારા વેશભૂષા કાર્યક્રમ કરવામાંઆવેલ જેમાં ભાગ લીધેલ તમામ બાળકોને કાર્યક્રમને અંતેઈનામવિતરણકરવામાંઆવેલ. સુપરવાઈઝર દેવાંગીબેન દ્વારા આઈસીડીએસઅનેતેનીયોજનાઓ થકી મળતા લાભ વિષે વાલીને માહિતગાર કરવામાં આવેલ.

કાર્યક્રમનું આયોજન મનીષાબેન અને અશ્માબેન દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ.

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક

### વનવિભાગ સિંહોનું ટ્રેકીંગ કરવામાં નિષ્ફળ

## અમરેલી જિલ્લામાં એશિયાટીક સિંહોનું જીવન રામભરોસે જોવા મળે છે

**અવારનવાર રેલ્વે ટ્રેક કે હાઈવે ઉપર સિંહો જોવા મળે**



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં સિંહો વારંવાર ટ્રાફિકવાળો રસ્તો ક્રોસ કરતા હોયઅથવાતોરેલ્વેટ્રેકઉપરઆવીજતાં હોય જે એશિયાટીક સિંહો માટે અતિ જોખમરૂપ હોયછે. સિંહોનીહાઈવેતથા રેલ્વે ટ્રેક નજીક વધુ અવરજવર ત્યારે વનવિભાગ સઘન પેટ્રોલીંગ કરે તેવી લોકોમાંથીમાંગણીઉઠીછે. હાલવરસતા વરસાદમાંહાઇ-વેપરસિંહોઆવીબેસી જાય છે ત્યારે વારંવાર વાહનો પણ થંભી જાય છે.

ત્યારેગઈકાલેરાત્રીનાસમયે સાવરકુંડલા નજીક રેલ્વે ટ્રેક પર એક સિંહણ ઓચિંતી જ પહોંચી ગઈ હતી. ત્યારે ત્યાંથી મહુવા-સુરતજતી પેસેન્જર ટ્રેન નીકળવા સમયે સિંહણ રેલ્વે ટ્રેક પર જોવા મળતા વનવિભાગ દ્વારા સ્ટેટ હાઈવે પર આવેલા ચાર સિંહોની રખેવાળી કરતું વનતંત્ર તાત્કાલિક રેલ્વે ટ્રેક પર પહોંચી જઈ અને પેસેન્જર ટ્રેનને રોકાવી દઈ અને સિંહણને રેલ્વે ટ્રેકથી દૂર કરી પેસેન્જર ટ્રેનને રવાના કરાઈ હતી. આમ સિંહણ ટ્રેઈન હડફેટે ચડે તે પહેલાં વનવિભાગની સુંદર કામગીરી કરી હતી અને સિંહણનું અકાળે મોત થાય તે ઘટના વન વિભાગે અટકાવી હતી.

અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ તથા લીલીયા પંથકમા સિંહોની મોટી વસતિ છે. અહી અવાર નવાર સિંહો જોખમી રીતે હાઈવે ક્રોસ કરતા હોય છે અથવા તો રેલ્વે ટ્રેક ઉપર પણ આવી જાય છે. ત્યારે રાત્રીના સમયે વરસતા વરસાદમાં હાઈવે પર સિંહો શિકારની શોધમાં લટાર મારતા જોવા મળે છે. ત્યારે અતિ કિંમતી ગણાતા એશિયાટીક સિંહ વારંવાર રસ્તો ક્રોસ કરતા હોય સિંહ તથા વાહન માટે જોખમ સમાન છે.

રાજુલા પંથકમા અગાઉ ટ્રેન તેમજ વાહન હડફેટે અનેક સિંહો અકસ્માતના કારણે મોતને ભેટયાની ઘટના બની ચુકી છે. અહી મોટી સંખ્યામાં સાવજોએ પોતાનુ કાયમી રહેઠાણ બનાવી દીધુ છે.

રાજુલા-જાફરાબાદ નજીકથી પસાર થતા ભાવનગર-સોમનાથ હાઈવે પર રાત દિવસ ભારે વાહનો દોડતા હોય છે. અહી સિંહો પણ અવારનવાર રસ્તો ક્રોસ કરતા જોવા મળે છે. ત્યારે સિંહો વાહન હડફેટે આવી મોતને ભેટશે તો જવાબદાર કોણ? તેવા સવાલો પણ ઉઠી રહ્યાં છે. ત્યારે ભુતકાળમા અનેક વખત વાહન હડફેટે સાવજો મોતને ભેટી ચુકયા છે. વનવિભાગ દ્વારા પણ હાઈવે પર સઘન પેટ્રોલીંગ જરૂરી છે.

### પવિત્ર નવરાત્રિ મહોત્સવ દરમિયાન

## અમરેલીમાં લવ જેહાદનો ભોગ હિન્દુ યુવતીઓ ન બને તે માટે બજરંગદળ એકશનમાં

**બજરંગદળ દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરાયા**

અમરેલી, તા. ૨

અમરેલીજિલ્લા બજરંગદળ દ્વાર વિશ્વ હિન્દુ પરિષદના માર્ગદર્શન હેઠળ તહેવાર એટલે નવરાત્રિના આરાધના અને ગરબા ના આડમાં નવરાત્રીનો ખોટો લાભ લઈ હિન્દુ યુવતીઓ લવ જેહાદ નો સ્વીકાર બને છે બજરંગદળનાપ્રભારીવિજયદેસાઈના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા સંયોજક વિદુર ડાબસરાનીઆગેવાનીમાંબજરંગ દળ કાર્યકર્તાઓને પાર્ટી પ્લોટ, ગરબી મંડળ વગેરે તે મજા અલગ અલગ જગ્યાએ એ જયાં લવ જેહાદ માટે ના ફસાવવા માટેના સ્થળ અને ત્યાં બજરંગ દળ ચાપતી નજર રાખશે. તેમજ પાર્ટી પ્લોટના આયોજકો ને પણ નિવેદન કરવામાંઆવેલછે કે નવરાત્રીનવદુર્ગાનુ આહવન કરવા માટે છે આ તહેવાર હીદુ સંસ્કારની પરંપરાને શોભે પ્રમાણે સૌને કાર્યકમોનું આયોજન કરવા આહવાન કરવામાં આવેલ છે. હિન્દુ ધર્મની નવરાત્રીમાં અશ્લીલતા નો ફેલાઈ માટે ખાસ કરીને ગંભીરતા પૂર્વક બજરંગદળ તેનો વિરોધ કરશે એમ બજરંગ દળના જિલ્લા સંયોજક યાદીમાં જણાવે છે.

વધુમાં જણાવે છે કે હિન્દુ દીકરીઓને કોઈ હેરાન કરતું હોય કનડગત કરતુ હોય કોઈ ભોગનો બને એમ સતર્ક રહેવું એમ બજરંગદળના હેલ્પ લાઈન નબર. વિદુર ડાબસરા ૯૬૩૮૭ ૮૪૪૮૪ અને મહાવિર વીંછિયા ૯૭૧૪૧ ૪૦૦૦૬ પર સંપર્ક કરવા જણાવેલ છે. તેમજ પોલીસ ડિપાર્ટમેન્ટ પણ ચુસ્ત બંદોબસ્ત રાખે પેટ્રોલિંગ પણ વધારે વધુમાં વધુ બંદોબસ્ત ફાળવે જેથી તેહવાર માં કોઈ અનિચ્છનિય ઘટના ના બને નિવેદનમાં જણાવેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
• મોહનથાળ...
• બુંદી...
• મગીયા લાડું...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુધ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.












### ઈઝરાયલ-ઈરાન યુદ્ધ અંગે ભારતનું પહેલું નિવેદન

# અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ જ ચિંતિત છીએ

### અમે વિનંતી કરીએ છીએ કે તમામ મુદ્દાઓ વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી ઉકેલવામાં આવે : ભારતીય વિદેશ મંત્રાલયે આપેલી પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા. ૨

ઈરાનના ઈઝરાયલ પર મિસાઈલ એટેક અને બાદમાં વળતા પ્રહાર રૂપે ઈઝરાયલ વડાપ્રધાન નેતન્યાહૂ તરફથી આપવામાં આવેલી ધમકીએ પશ્ચિમ એશિયામાં મોટું યુદ્ધ શરૂ કરી દીધું છે. જોકે, આ મામલે હવે હવે ભારતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે.

પશ્ચિમ એશિયાની હાલત પર ભારતીય વિદેશ મંત્રાયલયે વાતચીત અને વ્યૂહનીતિના મુદ્દાને ઉકેલવાની અપીલ કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, અમે પશ્ચિમ એશિયામાં સુરક્ષા સ્થિતિ બગડવાથી ખૂબ ચિંતિત છીએ અને તમામ સંબંધિત પક્ષોને સંયમ અને નાગરિકોની સુરક્ષાના આહ્વાનને પુનરાવર્તિત કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે તમામ મુદ્દાઓ વાતચીત અને વ્યૂહનીતિના માધ્યમથી ઉકેલવામાં આવે.'

ભારતીય વિદેશ મંત્રાલયે આ તણાવને લઈને કહ્યું, 'અમે પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને ચિંતિત છીએ. અમે આ વિસ્તારોમાં પોતાના નાગરિકોની રક્ષા કરવા માટે તત્પર છીએ. પશ્ચિમ એશિયામાં આશરે ૯૦ લાખ ભારતીયો રહે છે. તેમની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે અને તે વાતચીતથી જ સંભવ છે. કોઈપણ વિવાદનો વ્યૂહનીતિથી ઉકેલ લાવવો જોઈએ. જરૂરી છે કે, આ વિવાદ મોટું રૂપ ન લે, નહીંતર આખા વિસ્તાર પર તેની વિપરિત અસર થશે. તેથી સંપૂર્ણ વિવાદનો ઉકેલ સંવાદ અને વ્યૂહનીતિથી લાવવામાં આવે.'

આ પહેલા પણ ભારત સરકાર નાગરિકો માટે એડવાઈઝરી રજૂ કરી ચૂકી છે. જેમાં જણાવાયું હતું કે, ભારતીયોએ ઈરાન જવાનું ટાળવું અને લેબેનોન તેમજ ઈઝરાયલમાં પણ સુરક્ષિત જગ્યાએ રહેવાની સલાહ આપવામાં આવી છે. બિનજરૂરી કામ માટે બહાર ન નીકળવાની તેમજ બિનજરૂરી યાત્રાઓ રદ કરવાની સલાહ આપી છે.

આ સિવાય ભારત સરકારે જે લોકો ઈરાનમાં રહે છે તેમને સલાહ આપી હતી કે, સાવધાનીથી રહેવું અને બિનજરૂરી યાત્રા ટાળવી. તેમજ કોઈપણ મુશ્કેલીની સ્થિતિમા તુરંત ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવો. નોંધનીય છે કે, ઈરાનમાં લગભગ ૪ હજાર ભારતીય છે, જેમાં વિદ્યાર્થી, શિક્ષક અને નાના વેપારીઓનો સમાવેશ થાય છે. ઈરાન તરફથી ઈઝરાયલ પર મિસાઈલ એટેક બાદ તણાવની સ્થિતિ ઉભી થી છે. જેથી દિલ્હીમાં ઈઝરાયલના દૂતાવાસની સુરક્ષા વધારી દેવામાં આવી છે. અબ્દુલ કલામ રોડને બેરિકેડ લગાવીને બંધ કરી દેવાયો છે. તેમજ દિલ્હી પોલીસની ગાડીઓ સાથે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

ઈરાનના હુમલા બાદ બ્રિટનને પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. બ્રિટનના રક્ષા પ્રમુખનું કહેવું છે કે, બ્રિટનની સેનાએ ઈરાનના મિસાઈલ હુમલાની નિષ્ફળ કરવામાં ઈઝરાયલની મદદ કરી. એક્સ પર લખતા રક્ષા સચિવ જૉન હિલીએ કહ્યું કે, બ્રિટીશ સેનાએ મિડલ ઈસ્ટમાં મધ્ય પૂર્વમાં પોતાની ભૂમિકા ભજવી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે કહ્યું કે, બ્રિટન ઈઝરાયલના આત્મરક્ષાના અધિકારોનું સમર્થન કરે છે. ઈરાને લાંબા સમયથી મધ્યપૂર્વને જોખમમાં મૂકી દીધું છે.

# ૧૫૦ સભ્યોની પોલીસ ટીમે સદગુરુના ઈશા ફાઉન્ડેશનની કરી મુલાકાત

### મદ્રાસ હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યા બાદ પોલિસની ટીમે ઈશા ફાઉન્ડેશનમાં દરોડા પાડ્યા હતા

ચેન્નાઈ, તા. ૨

મદ્રાસ હાઈકોર્ટે સદગુરુ જગ્ગી વાસુદેવની સંસ્થા વિરુદ્ધ નોંધાયેલા તમામ ફોજદારી કેસો અંગે તમિલનાડુ સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યા બાદ ૧૫૦ સભ્યોની પોલીસ ટીમે થોન્ડામુથુર ખાતે ઈશા ફાઉન્ડેશનના કેન્દ્રની મુલાકાત લીધી હતી. કોઈમ્બતુરના નિવૃત્ત પ્રોફેસર એસ. કામરાજ દ્વારા દાખલ કરાયેલ હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે તમિલનાડુ સરકારને ઈશા ફાઉન્ડેશન સામેના તમામ ફોજદારી કેસોની વિગતો સબમિટ કરવાનો આદેશ આપ્યો હતો.

એસ. કામરાજ પોતાની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે, તેની બે પુત્રીઓનું તામિલનાડુના કોઈમ્બતુરમાં ઈશા યોગ સેન્ટરમાં રહેવા માટે બ્રેઈનવોશ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશન તેમને તેમના પરિવાર સાથે સંપર્કમાં રહેવા દેતું નહીં. ઈશા ફાઉન્ડેશન દ્વારા આ આરોપને નકારી કાઢવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે, તે લોકોને સાધુ/સાધ્વી બનવાનું કહેતું નથી. ફાઉન્ડેશને એક નિવેદનમાં જણાવ્યું કે, ''ઈશા ફાઉન્ડેશનની સ્થાપના સદગુરુ દ્વારા લોકોને યોગ અને આધ્યાત્મિકતા આપવા માટે કરવામાં આવી હતી. અમે માનીએ છીએ કે પુખ્ત વ્યક્તિ પાસે પોતાનો માર્ગ પસંદ કરવાની સ્વતંત્રતા અને શાણપણ હોય છે,''

ઈશા ફાઉન્ડેશને વધુમાં કહ્યું કે, આ વ્યક્તિની દીકરીઓએ અમને જણાવ્યું હતું કે તેઓ પોતાની મરજીથી અહીં રહે છે. ફાઉન્ડેશને નિવેદનમાં ઉમેર્યું કે, ''તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ પોતાની મરજીથી ઈશા યોગ કેન્દ્રમાં રહી રહ્યા છે. હવે જ્યારે આ મામલો કોર્ટમાં ગયો છે, અમે આશા રાખીએ છીએ કે સત્યનો વિજય થશે અને તમામ બિનજરૂરી વિવાદોનો અંત આવશે.''

ફાઉન્ડેશને દાવો કર્યો હતો કે, અરજદારે ફાઉન્ડેશન દ્વારા બનાવવામાં આવી રહેલા સ્મશાનગૃહ વિશે તપાસ કરવા માટે ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટી હોવાના ખોટા બહાના હેઠળ પરિસરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો.અહેવાલો અનુસાર, ત્રણ ડ્ઢજીઁ અધિકારીઓ આ ૧૫૦ સભ્યની મજબૂત ટીમનો હિસ્સો હતા. યોગ કેન્દ્રે જણાવ્યું કે, પોલીસ રહેવાસીઓ અને સ્વયંસેવકો વિશે સામાન્ય પૂછપરછ કરવા માટે આવી હતી. તેઓએ કેન્દ્રમાં રહેતા લોકોની જીવનશૈલીને સમજવાનો પણ પ્રયાસ કર્યો હતો.

મદ્રાસ હાઈકોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શા માટે સદગુરુની પુત્રી પરિણીત અને સારી રીતે સેટલ છે, જ્યારે સદગુરુ અન્ય મહિલાઓને માથું મુંડાવવા અને સાંસારિક જીવનનો ત્યાગ કરીને સાધવીની જેમ જીવવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

### પીએમ મોદીએ બાળકો સાથે કચરો વાળ્યો

# સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે એટલો દેશ ચમકશે : વડાપ્રધાન

### હું તમને બધાને વિનંતી કરું છું કે તમે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો : મોદી

નવી દિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. તેમણે દિલ્હીમાં શાળાના બાળકો સાથે ફ્લોર સાફ કર્યો. આ પ્રસંગે વડાપ્રધાને લોકોને સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે હું તમને બધાને વિનંતી કરું છું કે તમે આજે તમારી આસપાસ સ્વચ્છતા સંબંધિત અભિયાનનો ભાગ બનો. તમારી આ પહેલ 'સ્વચ્છ ભારત'ની ભાવનાને વધુ મજબૂત કરશે. સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જે ભારતનું સપનું ગાંધીજી અને દેશની મહાન હસ્તીઓએ જોયું હતું, આવો આપણે સૌ સાથે મળીને એ સપનું પૂરું કરીએ. આજનો દિવસ આપણને આ પ્રેરણા આપે છે. આજે ૨જી ઓક્ટોબરે હું ફરજની ભાવનાથી ભરપૂર છું અને એટલો જ ભાવુક પણ છું. આજે સ્વચ્છ ભારત મિશનની સફર ૧૦ વર્ષના સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે.

કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા પખવાડિયામાં દેશભરમાં કરોડો લોકોએ 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમોમાં ભાગ લીધો છે. મને જાણ કરવામાં આવી છે કે 'સેવા પખવાડા'ના ૧૫ દિવસમાં દેશભરમાં ૨૭ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૮ કરોડથી વધુ લોકોએ ભાગ લીધો હતો. સતત પ્રયત્નોથી જ આપણે આપણા ભારતને સ્વચ્છ બનાવી શકીશું. હું દરેક ભારતીયનો આભાર વ્યક્ત કરું છું. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આજે આ મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર, સ્વચ્છતા સંબંધિત લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પણ શરૂ કરવામાં આવ્યા છે. મિશન અમૃત અંતર્ગત દેશના અનેક શહેરોમાં વોટર અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે. નમામિ ગંગે સંબંધિત કામ હોય કે કચરામાંથી બાયોગેસ બનાવતા ગોબરધન પ્લાન્ટ, આ કામ સ્વચ્છ ભારત મિશનને નવી ઊંચાઈએ લઈ જશે. સ્વચ્છ ભારત મિશન જેટલું સફળ થશે તેટલો જ આપણો દેશ ચમકશે. પીએમ મોદીએ સ્વચ્છતા મિશનમાં ભાગ લેનાર સ્વચ્છતા કાર્યકરો, ધાર્મિક નેતાઓ, પ્લેયર્સ, સેલિબ્રિટીઝ, એનજીઓ સહિત તમામ લોકોની પ્રશંસા કરી હતી.

### દૂર દૂરથી માઇભક્તો હજારોની સંખ્યામાં આવે છે

# જગદંબાના શક્તિપીઠ અંબાજીમાં બદલાયો દર્શન અને આરતીનો સમય

### ગુરૂવારે ઘટ સ્થાપન આસો સુદ-૧(એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે

બનાસકાંઠા,તા. ૨

નવરાત્રીને લઈને રાજ્યના વિવિધ મંદિરોમાં માતાજીના દર્શન તેમજ આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર આસો સુદ-૧ (એકમ) તારીખ ૩ ઓક્ટોબર, ગુરુવારના રોજથી આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર થયાની જાણ કરવામાં આવી છે. માં અંબાના દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરમાં કરવામાં આવતી આરતી અને દર્શનનો સમય જાહેર કરાયો છે.

ગુજરાતનું સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી દેશ વિદેશમાં વિખ્યાત છે. માં જગતજનની જગદંબાનું આ શક્તિપીઠ અંબાજી મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખ ધરાવે છે. કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર ગણાતુમાં જગદંબાના મંદિરમાં માતાજીના દર્શનાર્થે દૂર દૂર થી માઈભક્તો દર રોજ હજારોની સંખ્યામાં આવે છે. વર્ષ દરમ્યાન સંખ્યાબંધ વખત સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અને અંબાજી માતા મંદિરમાં યાત્રાળુઓની સગવડતા ખાતર માતાજીના દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. આવતી કાલે આસો સુદ -૧ (એકમ) ગુરૂવાર તા. ૦૩/૧૦/૨૪ના રોજથી માતાજી ની આરતી તથા દર્શનનો સમય મા ફેરફાર કરવામાં આવ્યો છે, અને અંબાજી મંદિર મા આવતીકાલે ઘટ સ્થાપન આસો સુદ-૧ (એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન ભક્તોને આરતી અને દર્શનનો લાભ મળી રહે તે માટે અંબાજી ટ્રસ્ટ વિશેષ આયોજન કરે છે. આસો સુદ-૧ (એકમ) ગુરૂવારે સવારે આરતીનો સમય ૦૭:૩૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઘટસ્થાપન થશે. બપોરે ૧૨:૦૦ કલાકે મા અંબાને રાજભોગ ધરાવવામાં આવશે. ભક્તો સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ સુધી તથા બપોરે ૧૨:૩૦થી સાંજે ૧૬:૧૫ સુધી મા અંબાના દર્શન કરી શકશે. સાંજે આરતીનો સમય ૧૮:૩૦થી ૧૯:૦૦ સુધીનો રહેશે. ભક્તો સાંજે ૧૯:૦૦થી ૨૧:૦૦ વાગ્યા સુધી માના દર્શન કરી શકશે. આસો સુદ-૮ (આઠમ) તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાકનો રહેશે. ઉત્થાપનનો સમય સવારે ૧૦:૦૦ કલાક સુધીનો રહેશે. આસો સુદ ૧૦- વિજયા દશમી (સમીપુજન)તા. ૧૨/૧૦/૨૦૨૪ ના સાંજે ૦૫:૦૦ કલાકે દુધપૌઆનો ભોગ ધરાવવામાં આવશે. તા.૧૬/૧૦/૨૦૨૪ના બુધવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે કપુર આરતી કરવામાં આવશે. આસો સુદ-૧૫(પુનમ) તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાક સુધીનો રહેશે. તા. ૧૮/૧૦/૨૦૨૪થી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે.

### હિન્દુ ઓળખ ધારણ કરીને ૧૦ વર્ષથી રહેતા હતા

# હિન્દુ ઓળખ ધારણ કરીને રહેતો પાક-બાંગ્લાદેશી પરિવાર ઝડપાયો

### મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું હતું

બેંગલુરુ, તા. ૨

બેંગલુરુમાં પોલીસે ચાર લોકોની ધરપકડ કરી છે જેઓ તેમની ઓળખ છુપાવી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે શંકાસ્પદ રાશિદ અલી સિદ્દીકી, તેની પત્ની આયેશા, તેના પિતા હનીફ મોહમ્મદ અને માતા રૂબીના રાજાપુરા ગામમાં શર્મા પરિવાર તરીકે રહે છે. મુસ્લિમ પરિવારે પોતાનું નામ શંકર શર્મા, આશા રાની, રામ બાબુ શર્મા અને રાની શર્મા રાખ્યું. પાકિસ્તાનીઓની ધરપકડ કરી હતી. તેમની ધરપકડ બાદ ઈન્ટેલિજન્સ અધિકારીઓ પાસેથી માહિતી મળ્યા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ઢાકાથી ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવી રહેલા પાકિસ્તાની લોકો નકલી પાસપોર્ટ સાથે ઈમિગ્રેશન અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેઓ સિદ્દીકીના સંબંધી છે.

રવિવારે સિદ્દીકી અને તેનો આખો પરિવાર પોતાનો સામાન પેક કરી રહ્યો હતો. તે જ સમયે પોલીસની એક ટીમ આરોપીને પકડવા પહોંચી હતી. પૂછપરછ બાદ સિદ્દીકીએ પોતાની ઓળખ શર્મા તરીકે જાહેર કરી અને કહ્યું કે તે ૨૦૧૮થી બેંગલુરુમાં રહે છે. એટલું જ નહીં તેણે પરિવારનો ભારતીય પાસપોર્ટ અને આધાર કાર્ડ પણ બતાવ્યું. આમાં દરેકના નામ હિન્દુ હતા. જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે પોલીસ ચોંકી ઉઠી અને દિવાલ પર મેંહદી ફાઉન્ડેશન ઈન્ટરનેશનલ જશન-એ-યુનુસ લખેલું જોવા મળ્યું. પોલીસ ટીમને ઈસ્લામિક ધર્મગુરુઓના ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હતા. જ્યારે પોલીસે આરોપીની પૂછપરછ કરી તો સિદ્દીકી ઉર્ફે શંકર શર્માએ જણાવ્યું કે તે પાકિસ્તાનના કરાચીના લિયાકતાબાદનો રહેવાસી છે. તેની પત્ની અને તેનો પરિવાર લાહોરનો હતો. તેણે જણાવ્યું કે તેણે ૨૦૧૧માં એક ઓનલાઈન સેરેમનીમાં આયેશા સાથે લગ્ન કર્યા હતા. તે તેના માતા-પિતા સાથે બાંગ્લાદેશમાં હતી. જો કે, તેમના દેશમાં ધાર્મિક નેતાઓ દ્વારા અત્યાચાર ગુજારવામાં આવતાં તેમને પાકિસ્તાનથી બાંગ્લાદેશ જવાની ફરજ પડી હતી.એફઆઈઆર મુજબ, તે બાંગ્લાદેશ ગયો અને ઉપદેશક તરીકે કામ કર્યું અને મેહદી ફાઉન્ડેશને તેનો ખર્ચ ઉઠાવ્યો. પરંતુ ૨૦૧૪માં બાંગ્લાદેશમાં સિદ્દીકી પર ફરી હુમલો થયો અને તેણે ભારતમાં મેહદી ફાઉન્ડેશનના પરવેઝ નામના વ્યક્તિનો સંપર્ક કર્યો. સિદ્દીકી તેની પત્ની, સસરા અને સંબંધીઓ ઝૈનાબી નૂર અને મોહમ્મદ યાસીન સાથે એજન્ટો મારફત બાંગ્લાદેશથી માલદા થઈને ભારત આવ્યો હતો. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, તે શરૂઆતમાં દિલ્હીમાં રહેતો હતો અને તેને શર્માના નામે નકલી આધાર કાર્ડ, પાસપોર્ટ અને ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવ્યા હતા અને મહેદી ફાઉન્ડેશન વતી દિલ્હીમાં પ્રચાર કરતો હતો.સિદ્દીકીએ ૨૦૧૮માં નેપાળની મુલાકાત લીધી હતી. બેંગલુરુના રહેવાસી વસીમ અને અલ્તાફને મળ્યા બાદ તેણે બેંગલુરુ શિફ્ટ થવાનો નિર્ણય કર્યો. તેઓએ તેને તે શહેરમાં પ્રચાર કરવાનું કહ્યું. અલ્તાફે ભાડાનો ખર્ચ ઉઠાવ્યો અને મહેદી ફાઉન્ડેશને તેને અલારા ટીવી પરના તેના શો માટે ચૂકવણી કરી. અહીં તેણે ઈસ્લામનો પ્રચાર કર્યો. સિદ્દીકીના સાસરિયાઓએ પણ બેંગલુરુમાં બેંક ખાતા ખોલાવ્યા હતા. પોલીસે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ નોંધ્યો છે.

### વિનેશ ફોગાટનો દાવો

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો, પરંતુ મેં વાત ન કરી

### વડાપ્રધાન સાથેની કોઈપણ વાતચીત રેકોર્ડ કરવા માંગતી હતી : ભારતીય અધિકારીઓએ આ શરત સ્વીકારી ન હતી

નવી દિલ્હી, તા. ૨

ભૂતપૂર્વ ભારતીય મહિલા રેસલર વિનેશ ફોગાટ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦ કિગ્રા કુસ્તીની ફાઈનલ મેચના દિવસે વજનને કારણે તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હતી. જ્યારે તે તૂટી પડી ત્યારે શું તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો? વિનેશ ફોગટે પોતે કહ્યું કે હા, પરંતુ તેણે મોદી સાથે વાત કરી ન હતી. તેનું કારણ એ હતું કે તે પોતે વડાપ્રધાન સાથેની કોઈપણ વાતચીત રેકોર્ડ કરવા માંગતી હતી. ભારતીય અધિકારીઓએ આ શરત સ્વીકારી ન હતી, તેથી તેઓએ વાત કરવાનો ઈનકાર કર્યો હતો.વિનેશ ફોગાટે લલ્નટોપને આપેલા ઈન્ટરવ્યુંમાં મોટા ખૂલાસા કર્યા છે. વિનેશ ફોગાટે કહ્યું, ''કોલ આવ્યો હતો. મેં ના પાડી. મને સીધો ફોન આવ્યો ન હતો, પરંતુ ત્યાં રહેલા ભારતીય અધિકારી પર ફોન આવ્યો હતો. તેમને મને કહ્યું કે પીએમ મોદી વાત કરવા માંગે છે, અને મેં કહ્યું ઠીક છે. તેમણે કહ્યું કે તમારી પાસે કોઈ માણસ નહીં હોય, અમારી ટીમના બે લોકો હશે, એક વીડિયો શૂટ કરશે અને એક વાત કરાવશે અને વીડિયો સોશિયલ મીડિયા પર જશે. તો મેં એમને સ્પષ્ટ ના પાડી દીધી હતી.''હું સોશિયલ મીડિયા પર મારી લાગણીઓપ મારી મહેનતપની મજાક નહીં બનાવું. જો તેમને ખરેખર કોઈ ખેલાડી પ્રત્યે સહાનુભૂતિ હોય તો તે રેકોર્ડિંગ વગર વાત કરી શકે છે તો હું ખૂબ આભારી રહીશ.'' તેઓ કદાચ જાણે છે કે વિનેશ તેમને ફોન નહીં કરે જે દિવસે તેઓ વાત કરશે એ દિવસે તે ૨ વર્ષનો હિસાબ માંગશે. અમે રેકોર્ડિંગ કરીશું. તેઓ તેમના સ્તરે કાપી શકે છે, પરંતુ હું નહીં; હું મૂળ પોસ્ટ કરીશ, પરંતુ ચર્ચા દરમિયાન તેમને મને ના પાડી દીધી હતી. લગભગ બે વર્ષ પહેલાં તેમણે રેસલિંગ મહાસંઘના પ્રમુખ સામે મોરચો ખોલ્યો હતો, મહિલા કુસ્તીબાજોએ તત્કાલિન પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંઘ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. આ પછી તેઓ પોલીસ સાથે ઘર્ષણબાદ અનેક મહિનાઓ સુધી હડતાળ પર રહ્યા હતા. વિનેશે પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું હતું. નેશનલ કેમ્પમાં ૫૩ કિગ્રા વજન વર્ગમાં હાર્યા બાદ તે પછી ૫૦ કિગ્રા વજન વર્ગમાં ક્વોલિફાય થઈ હતી. આ કેટેગરીમાં મેડલ સુધી પહોંચવામાં વધુ વજન વિલન બનતાં તેને ગેરલાયક ઠેરવવામાં આવી. કુસ્તીમાંથી નિવૃત્તિ લઈ હવે હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડી રહી છે.

### મુસ્લિમ પુરુષો કરી રહ્યાં છે લવ જેહાદ

# કોર્ટે પહેલી વાર ફટકારી આજીવન કારાવાસની સજા

બરેલી, તા. ૨

ઉત્તર પ્રદેશના બરેલીની એક કોર્ટે એક મુસ્લિમ યુવકને લવ જેહાદના આરોપમાં આજીવન કેદની સજા ફટકારી છે. દેશમાં પહેલી વાર લવ જેહાદના કેસમાં આજીવન કારાવાસની સજા થઈ છે. એડિશનલ સેશન્સ જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદ હેઠળ મુસ્લિમ પુરુષો સંપૂર્ણ પ્લાનિંગ સાથે હિન્દુ મહિલાઓને નિશાન બનાવી રહ્યા છે. તેમની સામે, તેઓ પ્રેમના ઢોંગમાં લગ્ન કરે છે અને પછી તેઓ ઈસ્લામ અંગીકાર કરવાની ફરજ પાડે છે. દેશની કોઈ અદાલતે લવ જેહાદને લઈને આવી ટિપ્પણી કરી હોય તેવું કદાચ પહેલીવાર બન્યું છે.જજ રવિ કુમાર દિવાકર શું બોલ્યાં? આ કેસમાં આરોપી મોહમ્મદ આલીમે પીડિતાને તેનું નામ આનંદ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે તેની સાથે પ્રેમનું નાટક કરીને તેની સાથે લગ્ન કરી લીધાં હતા અને પછી રેપ કર્યો હતો. આ દરમિયાન તેના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ ઉતારી લીધાં હતા અને રેકોર્ડ વીડિયોને આધારે તેણી પર અનેક વાર બળાત્કાર કર્યો હતો. જજ રવિ કુમાર દિવાકરે કહ્યું કે લવ જેહાદનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતમાં પોતાની સત્તા સ્થાપિત કરવાનો છે. તેની પાછળ આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે અને તેમાં ચોક્કસ ધર્મના અરાજકતાવાદી તત્વો સામેલ છે.કોર્ટે કહ્યું, 'સરળ શબ્દોમાં કહીએ તો, લવ જેહાદ એક પ્રથા છે જે મુસ્લિમ પુરુષો બિન-મુસ્લિમ મહિલાઓ વિરુદ્ધ કરે છે. આ અંતર્ગત તેઓ પ્રેમનું નાટક કરીને લગ્ન કરે છે. એક જ ધર્મના કેટલાક અરાજકતાવાદી તત્વો આમાં સામેલ છે. લવ જેહાદમાં વિદેશી ફંડિંગને પણ નકારી શકાય નહીં.જસ્ટીસે કહ્યું કે કોઈને પણ બળજબરીથી ધર્મપરિવર્તનનો અધિકાર ન આપી શકાય. જો કોઈનું ગેરકાયદેસર રીતે ધર્માંતરણ થાય અને આ માટે બળનો ઉપયોગ કરવામાં આવેછે, જૂઠું બોલવામાં આવેછે, લાલચ આપવામાં આવે છે અથવા છેતરપિંડી કરવામાં આવે છે, તો ઉત્તર પ્રદેશ ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ પગલાં ભરી શકાય છે. જો ભારત સરકાર સમયસર લવ જેહાદ હેઠળ આવા ગેરકાયદે ધર્માંતરણને રોકવામાં સક્ષમ નહીં હોય તો ભવિષ્યમાં દેશને તેના પરિણામો ભોગવવા પડશે. આ મામલાને ગંભીરતાથી ન લઈ શકાય કારણ કે તે દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ખતરો છે.

# શંકુઝ ફાર્મમાં યોજાનાર ફાલ્ગુની પાઠકના ગરબા થયા પોસપોન્ડ

અમદવાદ, તા. ૨

હિંદુઓ માટે નવરાત્રીનું વિશેષ મહત્ત્વ રહેલું છે. આ નવ દિવસ સુધી માં આદ્યશક્તિ જગદંબાના જુદા-જુદા સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. રાત્રી દરમિયાન મોડે સુધી જાગીને માંના ગરબા ગાઈ અને રમીને તહેવારની ઉજવણી કરવામાં આવે છે. અને હવે તો વિવિધ પાર્ટીઓ બોલાવીને માના ગરબા રમવામાં આવે છે. ત્યારે અમદાવાદના શંકુઝ ફાર્મમાં ફાલ્ગુની પાઠકના ગરબા યોજાવાના હતા, પરંતુ અમુક કારણોસર હવે ૧૪ ઓક્ટોબરે યોજાશે. કીકતમાં અમદાવાદના શંકુઝ ફાર્મમાં ફાલ્ગુની પાઠકના ગરબા યોજાવાના હતા, પરંતુ ઈરાન- ઈઝરાયલ યુદ્ધના કારણે કેનેડાથી ટીમ પરત ફરી ના ફરી શકતા આજનું આયોજન રદ કરવામાં આવ્યું છે. જે આગામી ૧૪ ઓક્ટોમ્બરના રોજ યોજાશે તેવી ફાલ્ગુની પાઠકે સોશિયલ મીડિયા પર જાહેર કર્યુ છે. સોશિયલ મીડિયા પર આ અંગે ફાલ્ગુની પાઠકે કહ્યું કે, "કેમ છો બધા? નવરાત્રીની તમે બધાએ ઓલમોસ્ટ તૈયારી કરી દીધી હશે. અને ખાસ તો હું એટલા માટે લાઈવ આવી છું. કે એક ઈમ્પોર્ટન્ટ એનાઉન્સમેન્ટ કરવાનું છે, કે અમદાવાદમાં કાર્યક્રમ થવાનો છે, તે અમુક કારણોસર પોસપોન્ડ કરવો પડ્યો છે. જે હવે આગામી ૧૪મી ઓક્ટોમ્બરે થશે. તેનું કારણ હું તમને કહું તો, ટોરેન્ટોથી અમે પરત ભારત આવી રહ્યા હતા, જેમાં હું અને મારી ટીમ અલગ ફ્લાઈટમાં હતા, એટલે અમે ગઈ કાલ સાંજે પરત આવી પહોંચ્યા હતા. પરંતુ તેમની ફ્લાઈટનો પેરીસમાં હોલ્ટ હતો. ગઈકાલ ફ્લાઈટ ભારત આવવા માટે રવાના થઈ, પરંતુ ઈરાન અને ઈઝરાયલનું યુદ્ધના કારણે ફ્લાઈટને અધવચ્ચેથી પરત પેરીસ જવુ પડ્યું છે. એટલે અત્યારે અમારી આખી ટીમ પેરીસમાં અટકેલી છે."

### ભાજપના ધારાસભ્યોની કફોડી દશા

# આપ તો, મુખ્યમંત્રી સે ઉપર હો, આપ કહોગે તો હમારા કામ હો જાયેગાં

### અબડાસાના ભાજપ ધારાસભ્યની રાજ્યપાલને રજૂઆત

કચ્છ, તા. ૨

હાલ ભાજપના ધારાસભ્યોની કફોડી દશા છે. મત વિસ્તારના વિવિધ પ્રશ્નોની રજૂઆત કર્યા પછી પણ ઉકેલ આવતો નથી. આ કારણોસર ધારાસભ્ય ખુદ કહી રહ્યા છે કે, લોકો વચ્ચે જવુ મુશ્કેલ બન્યુ છે. કચ્છમાં તો થર્મલ પ્લાન્ટમાંથી ૩૫૦ કર્મચારીઓને અચાનક જ છૂટા કરી દેવાતાં અબડાસાના ભાજપના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજ્યપાલને રજૂઆત કરી હતી કેમકે, મુખ્યમંત્રી તો ઠીક, મંત્રીઓ પણ ધારાસભ્યની રજૂઆતને ગંભીરતાથી લેતા નથી. કચ્છમાં લખપત વિસ્તારમાં છેર નાની ગામે આવેલાં જીએમડીસી સંચાલિત એટીપીએસ થર્મલ પ્લાન્ટમાં આશરે ૩૫૦ કર્મચારીઓને અચાનક છૂટા કરી દેવાયા છે. મોટાભાગના કર્મચારીઓ લાંબા સમયથી નોકરી કરતાં હતાં તેમ છતાંય તેમને જાણ કર્યા વિના છૂટા કરી દેવાયા છે. સરહદી વિસ્તાર હોવાથી સ્થાનિકો માટે નોકરી એક માત્ર રોજગારી છે.

નોકરી છિનવાઈ જતાં ૩૫૦ કર્મચારીઓ છેલ્લાં ૨૦ દિવસથી ધરણાં કરીને વિરોધ કરી રહ્યા છે. આમ છતાંય હજુ સુધી કોઈ ઉકેલ આવી શક્યો નથી. કોઈ અધિકારીએ ધરણાં સ્થળની મુલાકાત સુધ્ધાં લીધી નથી. અબડાસાના ભાજપના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ મુખ્યમંત્રીથી માંડીને મંત્રીને આ મામલે રજૂઆત કરી હતી તેમ છતાંય પ્રશ્ન હલ થઇ શક્યો નહીં. આ કારણોસર નાછૂટકે ભાજપના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મળવા પહોંચ્યા હતાં.

ધારાસભ્યએ એવું કહ્યું કે,'આપ તો, મુખ્યમંત્રી સે ઉપર હો. આપ કહોગે તો હમારા કામ હો જાયેગાં.' આ સાંભળીને એક તબક્કે રાજ્યપાલને પણ નવાઈ થઈ હતી. આ પરથી એક પ્રસ્થાપિત થાય છે કે, ભાજપના ધારાસભ્યનું કોઈ સાંભળનાર નથી. આ જોતાં ધારાસભ્ય પણ હવે રાજ્યપાલને ફરિયાદ કરવા માંડ્યા છે.

એક તરફ, વાયબ્રન્ટ ગુજરાતના તાયફાં કરીને ગુજરાતીઓને રોજગારી મળશે તેવા બણગાં ફુંકવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ કચ્છમાં સ્થાનિકોની રોજીરોટી છિનવાઈ રહી છે. ઉદ્યોગો સ્થાનિકોને રોજગારી આપવા તૈયાર નથી. નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યુ છે તેમ છતાંય સરકાર મૌન ધારણ કરીને બેઠી છે.

ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાનું કહેવુ છે કે, 'સરહદી વિસ્તારમાં ખેતી પર્યાપત નથી. સરહદી ગામડાઓમાં સ્થાનિકો નોકરી પર જ નિર્ભર છે. હવે નોકરીમાંથી હાંકી કાઢ્યા છે ત્યારે તેઓની રોજગારી છિનવાઈ છે. નાછૂટકે સ્થાનિકોને સ્થળાંતર કરવુ તેવી સ્થિતી સર્જાઇ છે. આ સંજોગોમાં સરકારે આ મામલે તાકીદે નિર્ણય લઈને સ્થાનિકોને નોકરીમાં પરત લેવા જોઈએ.'

# લીલીયાના જાત્રોડા ગામે ધારાસભ્ય અને ડીડીઓની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઇ






લીલીયા તાલુકાના જાત્રોડા ગામે બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી જન્મ જયંતી નિમિત્તે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ જેમાં ગ્રામ પંચાયત દ્વારા યોજાયેલ ગ્રામસભામાં વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા જિલ્લા વિકાસ અધિકારી પંડ્યાની ઉપસ્થિતિમાં સુંદર ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્વચ્છતા લક્ષી યોજનાઓ અંગે લોક જાગૃતિ ફેલાવવાના આશય સાથે સુનિયોજિત ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં લીલીયા તાલુકા વિકાસ અધિકારી કે.જે.આચાર્ય દ્વારા ગ્રામસભામાં ગ્રામજનોને લોક ઉપયોગી યોજનાઓ તથા સ્વચ્છ ભારત મિશન અંતર્ગતની વિવિધ કલ્યાણકારી યોજના અંગે લોકોને સજાગ કરવામાં આવેલ સાથે સાથે સ્વચ્છતા, વ્યસનમુક્તિ, સહી પોષણ દેશ રોશન, અંગે આવેલ મહાનુભાવો દ્વારા ગ્રામસભામાં ઉપસ્થિત ગ્રામ જનો ને શપથ ગ્રહણ કરાવવામાં આવેલ સાથે સાથે જાત્રોડા ગામે આવેલ પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદહસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ આ તકે ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, સરપંચ સુખાભાઈ જોગરાણા, ડી.એચ.ઓ. સિધપુરા, આસીડીએસ ડિમ્પલબેન, જીવનભાઈ બારૈયા, મુકેશભાઈ ધાનાણી, જયંતીભાઈ ધાનાણી, આચાર્ય ભાવેશભાઈ જાદવ, એસ.ઓ. રૂક્સાનાબેન, મંત્રી ભડકોલીયા સહિતના ગ્રામ પંચાયત સદસ્યો અધિકારી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

### પ્રશાંત કિશોરે પક્ષનું નામ રાખ્યું જન સુરાજ પાર્ટી

## ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે શરૂ કર્યો પોતાનો રાજકીય પક્ષ

### આ સાથે જ બિહારના રાજકારણમાં નવી પાર્ટીનો ઉદય

પટણા, તા.૨

ચૂંટણી વ્યૂહનીતિકારથી રાજનેતા બનેલા પ્રશાંત કિશોરે ઔપચારિક રીતે પોતાનો રાજકીય પક્ષ શરૂ કર્યો છે. પ્રશાંત કિશોરે પોતાની પાર્ટીનું નામ ’જન સુરાજ પાર્ટી’ રાખ્યું છે. આ સાથે જ બિહારના રાજકારણમાં એક નવી પાર્ટીનો ઉદય થઈ ગયો છે. બિહારમાં ૨૦૨૫માં થનારી વિધાનસભા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની પાર્ટી તાલ ઠોકશે.

પાર્ટીને લોન્ચ કરતી વખતે પ્રશાંત કિશોરે કહ્યું, ’જન સુરાજ અભિયાન ૨-૩ વર્ષોથી ચાલી રહ્યું છે. લોકો પૂછી રહ્યાં છે કે અમે પાર્ટી ક્યારે બનાવીશું. આપણે સૌ એ ભગવાનનો આભાર માનવો જોઈએ, આજે ચૂંટણી પંચે સત્તાવાર રીતે જન સુરાજને જન સુરાજ પાર્ટી તરીકે સ્વીકાર કરી લીધો છે.’

પ્રશાંત કિશોરે પોતાની પાર્ટીને લોન્ચ કર્યા બાદ મનોજ ભારતીને તેના કાર્યકારી અધ્યક્ષ નિમણૂક કર્યા છે. મનોજ ભારતી ભારતીય વિદેશ સેવાના અધિકારી રહ્યાં છે. મનોજ ભારતી ચાર દેશોમાં ભારતના રાજદૂત રહ્યાં છે. વિમાન આઈસી ૮૧૪ ને હાઈજેક કર્યા સમયે કાઠમાંડુ સ્થિત ભારતીય દૂતાવાસમાં ભારતીની પોસ્ટિંગ હતી.પ્રશાંત કિશોરે ચૂંટણી વ્યૂહનીતિકાર તરીકે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ મુખ્ય દળો માટે અલગ-અલગ સમયે કામ કર્યું અને પછી પોતાના ગૃહ રાજ્ય બિહારમાં જન સુરાજ અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પ્રશાંત કિશોરે થોડા સમય પહેલા જ એલાન કરી દીધું હતું કે તે ૨ ઓક્ટોબરે પોતાની પાર્ટી બનાવશે. સાથે જ કહ્યું હતું કે તેમની પાર્ટી બિહારની વિધાનસભા ચૂંટણી મજબૂતી સાથે લડશે. તેમણે બિહાર વિધાનસભાની તમામ ૨૪૩ બેઠકો પર ચૂંટણીનું એલાન કર્યું હતું.

### મિસાઈલ એટેક પછી નેતન્યાહૂની ખુલ્લી ચેતવણી

## ‘ઈરાને બહુ મોટી ભુલ કરી દીધી, તેની કિંમત તો ચૂકવવી પડશે’

### નેતન્યાહુએ કહ્યું કે ગઈકાલની સાંજે ઇઝરાયેલ પર ઈરાનનો હુમલો “નિષ્ફળ” રહ્યો હતો, તેમણે કર્યુ કે અમારા સમર્થન માટે અમેરિકાનો આભાર માન્યો છે

નવી દિલ્હી, તા.૨

ઈરાનના મિસાઈલ હુમલા બાદ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે ઈરાને મિસાઈલ છોડીને મોટી ભૂલ કરી છે. જેરુસલેમમાં સુરક્ષા કેબિનેટની બેઠક દરમિયાન તેમણે કહ્યું કે ઈરાને તેની કિંમત ચૂકવવી પડશે. નેતન્યાહુએ કહ્યું કે ગઈકાલની સાંજે ઈઝરાયેલ પર ઈરાનનો હુમલો “નિષ્ફળ” રહ્યો હતો. તેમણે કર્યુ કે અમારા સમર્થન માટે અમેરિકાનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે વિશ્વમાં સૌથી વધુ આધુનિક ઈઝરાયેલની એર ડિફેન્સ છે, જેના થકી અમે ઈરાનના હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. ઈઝરાયેલના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ હુમલામાં લગભગ ૨૦૦થી વધુ મિસાઈલો છોડવામાં આવી હતી. ઈઝરાયેલી સંરક્ષણ દળોએ જણાવ્યું હતું કે તેમાંથી સંખ્યાબંધ મિસાઈલોને તોડી પાડી હતી, જો કે વેસ્ટબેન્કમાં એક પેલેસ્ટિનિયનનું મૃત્યુ થયું હતું અને બે ઈઝરાયેલીઓ ઘાયલ થયા હતા કારણ કે આ વિસ્તારમાં છરા અને મિસાઈલનો કાટમાળ પડ્યો હતો, જેના કારણે નુકસાન થયું હતું અને આગ લાગી હતી. વિસ્ફોટોનો અવાજ આખા ઈઝરાયેલમાં સંભળાયો હતો. જેરુસલેમ અને જોર્ડન ખીણમાંથી જીવંત પ્રસારણ દરમિયાન ટેલિવિઝનના પત્રકારો જમીન સૂઈ ગયા હતા જેથી હુમલાથી બચી શકાય. મધ્ય ઈઝરાયેલના ગેડેરામાં એક શાળા પર મિસાઈનો વિસ્ફોટ થયો હતો. જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. હોમ ળન્ટ કમાન્ડના વડા મેજર જનરલ રફી મિલોએ અસરગ્રસ્ત સ્થળની મુલાકાત લીધી હતી. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ અનુસાર, IDF એ કહ્યું કે ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ અત્યંત અસરકારક છે. સૈન્યના જણાવ્યા અનુસાર, યુએસએ સમય પહેલા ઈરાન તરફથી ખતરો શોધીને અને કેટલીક મિસાઈલોને અટકાવીને ઈઝરાયેલને સુરક્ષિત કરવામાં મદદ કરી હતી. IDFએ જણાવ્યું હતું કે મધ્ય ઈઝરાયેલમાં અલગ-અલગ અસરો છે. દક્ષિણ ઈઝરાયેલ વધુ અસરગ્રસ્ત છે. એ પણ કહ્યું કે આ હુમલામાં ઈઝરાયેલની એરફોર્સની ક્ષમતાને કોઈ નુકસાન થયું નથી. IAF એરક્રાફ્ટ, એર ડિફેન્સ અને એર ટ્રાફિક કંટ્રોલ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાકચીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ લખી હતી, જેમાં લખ્યું કે ઈરાનને ઈઝરાયેલ વિરુદ્ધ આત્મરક્ષા કરી છે, અને જ્યાં સુધી ઈઝરાયેલી શાસન આગળ જવાબી કાર્યવાહી કરવાનો નિર્ણય નથી કરતો, ત્યાં સુધી અમે હુમલો નહીં કરીએ. સશસ્ત્ર દળોએ કહ્યું કે ઈઝરાયલને ટેકો આપતા દેશો દ્વારા સીધા હસ્તક્ષેપની સ્થિતિમાં તેઓ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના સશસ્ત્ર દળો દ્વારા શક્તિશાળી હુમલાનો સામનો કરવો પડશે.

### ડિજિટલીકરણમાં ભારત વિકસિત દેશોથી આગળ

## ૧ ટ્રિલિયન ડોલરની બનશે ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થા

### ભારતમાં માર્ચ ૨૦૨૪ સુધીમાં ઈન્ટરનેટ યુઝ કરતા ગ્રાહકોની સંખ્યા ૯૫.૪ કરોડ પર પહોચી

નવી દિલ્હી, તા.૨

દેશમાં ડિજિટલ યુગની સાથે સાથે છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય પરિસ્થિતિમાં પણ બદલાવ આવ્યો છે. છેલ્લા એક દાયકામાં ભારતની અર્થવ્યવસ્થા ઘણી આગળ આવી છે. આસ્ક કૈપિટલ દ્વારા હાલમાં એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો જેમાં જણાવવામાં આવ્યું કે ભારતમાં સસ્તી ૪જી અને ૫જી સેવાને કારણે ૨૦૨૮માં ભારતની અર્થવ્યવસ્થા $1 ટ્રિલિયન બની જશે.

ભારતમાં હાલનો સમય એક ઉદાહરણ ગણી શકાય કે કેવી રીતે ડિજિટલ ક્ષેત્રે આપણે આગળ વધી રહ્યા છીએ. છેલ્લા અમુક વર્ષોમાં UPI જેવી પેમેન્ટ સિસ્ટમ ઘણી જ વિકસિત થઈ છે. જેથી ભારતમાં આ ડિજિટલ પરિવર્તન આર્થિક વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થશે. છેલ્લા અમુક વર્ષોમાં ભારતની અર્થવ્યવસ્થામાં ડિજિટલાઈઝેશનને કારણે સ્માર્ટફોનનો ઉપયોગ વધ્યો. સાથે કેશલેસ ટ્રાન્જેક્શન અને ઓનલાઈન ખરીદીનો લોકો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે. ભારતીય અંતરાષ્ટ્રીય આર્થિક સંબંધ અનુસંધાન પરિષદ (ICRIER) અનુસાર ડિજિટલીકરણમાં ભારતનો સ્કોર જાપાન, યુકે અને જર્મની જેવા વિકસિત દેશોથી પણ આગળ છે. પ્રધાનમંત્રી જનધન યોજના અને પ્રત્યક્ષ લાભ અંતર્ગત જેવી સરકારે જે પહેલ કરી છે, તેના કારણે નાણાકીય ભંડોળ પણ વધ્યું છે. મોબાઈલ અને બ્રોડબેન્ડનો વધતો વપરાશ નાણાકીય ભંડોળને વધુ સારું અને ડિજિટલ સેવાઓને વધારો આપી રહ્યો છે. દેશમાં હાલ મનોરંજન, ઓનલાઈન એજ્યુકેશન, ટેલી મેડિસિન, ડિજિટલ સ્વાસ્થ્ય, ડિઝાસ્ટર રિસ્પોન્સ અને જીવન રક્ષક જેવી સેવાઓ પણ ઈન્ટરનેટ અને મોબાઈલનો લાભ ઉઠાવી રહી છે.

સસ્તું ઈન્ટરનેટ અને સ્માર્ટફોનના વધતા યુઝર્સ ઈ-કોમર્સમાં વૃદ્ધિ અને ભારતના ડિજિટલ પરિવર્તનને ગતિ આપી રહ્યા છે. ઈછેંના આંકડાઓ પ્રમાણે ભારતમાં લગભગ ૧૨૦ કરોડ લોકો ફોન વાપરી રહ્યા છે. જો માર્ચ ૨૦૨૩ની વાત કરીએ તો તે સમયે ઈન્ટરનેટ યુઝ કરતા ગ્રાહકોની કુલ સંખ્યા ૮૮.૧ કરોડ હતી. જે વધીને માર્ચ ૨૦૨૪ સુધીમાં ૯૫.૪ કરોડ પહોંચી ચૂકી છે. જેમાં અડધા તો ગ્રામ્ય વિસ્તારમાં રહેતા યુઝર્સ છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ભારતમાં ૭.૩ કરોડથી વધારે ઈન્ટરનેટનો યુઝ કરતા ગ્રાહકો વધ્યા હતા. જ્યારે ૭.૭ કરોડ કરતાં પણ વધારે બ્રોડબેન્ડ ગ્રાહકો વધ્યા છે. જેથી વધતા ઈન્ટરનેટના વપરાશને જોઈને કહી શકાય કે ૨૦૨૮ સુધીમાં ભારત ઈ૧ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનશે.

## જૂની પેન્શન યોજના મામલે શિક્ષકોની અમદાવાદથી ગાંધીનગર સુધી પદયાત્રા

અમદાવાદ, તા.૨

જૂની પેન્શન યોજના શરૂ સરકારના વિવિધ વિભાગના કર્મચારીઓ અને શિક્ષકો ઘણા વખતથી આંદોલનચલાવી રહ્યા છે. જેમાં આજે ગાંધી જયંતી નિમિત્તે શિક્ષકોએ અમદાવાદ કલેક્ટર કચેરીથી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સુધીની પદયાત્રા યોજી હતી. જેમાં હાથમાં બેનર સાથે મોટી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત નિવૃત્ત થયેલા શિક્ષકો જેમને જૂની પેન્શન યોજનાનો લાભ મળતો નથી તે શિક્ષકો પણ જોડાયા હતા.જૂની પેન્શન યોજના મામલે રાજ્યના અલગ અલગ જગ્યાએથી આવેલા શિક્ષકો આજે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે એકઠા થયા હતા.જૂની પેન્શન યોજના શરૂ કરવા માટે શિક્ષકોએ સૂત્રોચાર કર્યા હતા ત્યારબાદ શિક્ષકોએ હાથમાં બેનર સાથે કલેક્ટર કચેરીથી ગાંધીનગર સુધીની ચાલતા જઈને પદયાત્રા યોજી હતી. આ રેલીમાં રાજ્યભરમાંથી આવેલા શિક્ષકો જોડાયા હતા. રેલીમાં નિવૃત્ત અને દિવ્યાંગ શિક્ષકો પણ જોડાયા હતા. અગાઉ જે પગારના ૫૦ ટકા રકમ પેન્શન મળતી હતી તે જ રકમ ફરીથી શરૂ કરવા માગ કરવામાં આવી છે.રાહુલ લવાણી નામના શિક્ષકે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫ અગાઉ થયેલી ભરતીના કર્મચારીના જૂની પેન્શન યોજનાનો ઠરાવ કરવાની માગ કરવામાં આવી છે. સરકારના પાંચ મંત્રીઓની સમિતિ વર્ષ ૨૦૨૨ની ચૂંટણી અગાઉ વચન આપ્યું હતું.વિધાનસભાની ચૂંટણી હોવાથી સરકારે સમાધાન કરી લેખિતમાં બાંયધરી આપી હતી. પરંતુ ૨ વર્ષ વીત્યાં છતાં ઠરાવ થયો નથી. જેથી અમે ફરીથી આંદોલન શરૂ કર્યુંછે. અમારી માગણી નહિ સંતોષાય તો આંદોલન ચાલુ જ રહેશે. નિવૃત્ત શિક્ષક કોકિલાબેને જણાવ્યું હતું કે, હું વર્ષ ૨૦૦૧માં નોકરીમાં જોડાઈ હતી અને ૨૦૨૨માં નિવૃત્ત થઈ હતી. નિવૃત્તિ બાદ મને ૨૯૦૦ રૂપિયા જ પેન્શન મળી રહ્યુંછે. ઘડપણમાં ૨૯૦૦ રૂપિયામાં જીવન કઈ રીતે ચલાવવું તે પ્રશ્ન છે. જેથી પેન્શનની માગ સાથે હું આંદોલનમાં જોડાઈ છું.

### હાઇકોર્ટ હવે આ મામલે ગુરુવારે ચુકાદો આપી શકે

## વેરાવળમાં ડિમોલિશનના કેસમાં હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો

અમદાવાદ, તા.૨

વેરાવળમાં મસ્જિદ, દરગાહ અને કબ્રસ્તાનના ડિમોલિશનનો મામલો ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. આ મામલે અરજદાર કમિટી દ્વારા વિવાદીત જગ્યા પર સ્ટેટસ ક્વો (યથાવત સ્થિતિ) જાળવી રાખવાની દાદ માંગી હતી. આ કેસમાં સોમવાર બાદ મંગળવારે પણ લંબાણપૂર્વકની સુનાવણી હાથ ધરાઈ હતી અને સરકાર તથા અરજદાર પક્ષ તરફથી પોતાના પક્ષ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જેના અંતે જસ્ટિસ સંગીતા કે. વિશેને ચુકાદો અનામત રાખ્યો છે. આ કેસમાં હવે હાઈકોર્ટ ગુરુવારે ચુકાદો સંભળાવી શકે છે. આ મામલે અરજદાર ઔલિયા-એ-દીન કમિટી દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે આ જમીન ઉપર કબ્રસ્તાન, મસ્જિદ અને દરગાહ આવેલી છે. રેકોર્ડ મુજબ જુનાગઢ રાજ્યે કબ્રસ્તાન વર્ષ ૧૯૦૩માં આપ્યું હતું. ત્યાં કેટલાક મહાન શખ્સોને દફનાવવામાં આવતા તેની ઉપર દરગાહ બની છે, જ્યારે બાકીની કબરો છે. આ જમીન કબ્રસ્તાન તરીકે વપરાય છે અને જમીનની મિલકતના નવ પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ થયા છે. આ વર્ષે ૧૨મી સપ્ટેમ્બરે એક નોટિસ મળી હતી. જેમાં ૧૯મી સપ્ટેમ્બરે કલેકટર સમક્ષ સુનાવણી હતી. જેમાં અરજદારોએ ૨૦મી સપ્ટેમ્બરની તારીખ માંગી હતી. ત્યારબાદ ૨૭મી સપ્ટેમ્બરે ફાઈનલ હિયરિંગ રાખવામાં આવી હતી. જેમાં ફરીથી અરજદારોએ સમય માંગ્યો હતો. જો કે અરજદારના જણાવ્યા મુજબ કેસ પેન્ડિંગ હોવા છતાં ૨૮મી તારીખથી ડિમોલિશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. અરજદારે વધુમાં જણાવ્યું હતું કે આ આરક્ષીત સ્મારકો છે. આશ્ચર્યની વાત તો એ છે કે શનિવાર અને રવિવારના રોજ સરકારી અધિકારીઓ વધુ સક્રીય થઈ જાય છે અને આવી કાર્યવાહી કરવા લાગે છે. દાહોદના ડિમોલિશનના મામલે પણ આવી શંકાસ્પદ કાર્યવાહી જ કરાઈ હતી. સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે સુપ્રીમનો ઓર્ડર આરોપીઓના ઘર તોડવાને લગતો છે. આ કેસના મિલ્કત ધારકો પહેલા પણ કોર્ટમાં આવી ચૂક્યા છે. જુદી જુદી ન્યાયિક સંસ્થાઓમાં આ બાબતે પાંચ કેસો પેન્ડિંગ છે. અરજદારે ૧૨મી સપ્ટેમ્બરે પણ અરજી કરીને કે યથાવત સ્થિતિ જાળવી રાખવા કોર્ટમાં અરજી કરી હતી. જો કે કોર્ટે સામા પક્ષકારોને પણ નોટિસ આપી નથી. વકફ ટ્રિબ્યુનલ સામે પણ આ જ મુદ્દાની અરજી પેન્ડિંગ છે. નવમી ઓકટોબર, ૨૦૨૩ થી કોઈ ન્યાયિક સંસ્થા દ્વારા વચગાળાનું રક્ષણ મિલકત ધારકો કે અરજદારોને અપાયું નથી.

# ખાંભા : જે. એન. મહેતા હાઇસ્કુલ ખાતે બાળ ગણિત વૈજ્ઞાનિક પ્રદર્શન મેળો યોજાયો






અહેવાલ : ભાવિક કલસરીયા–ખાંભા

ખાંભાની જે એન મહેતા હાઈસ્કુલ ખાતે જી.સી.આરટી ગાંધીનગર પ્રેરિત બાળ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન અમરેલી આયોજિત સાવરકુંડલા અને ખાંભા એમ બે તાલુકાનું બાળ વૈજ્ઞાનિક ગણિત પ્રદર્શન મેળો યોજાયો હતો તેમાં સંતો હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યકમનો શુભરામ કરવામાં આવ્યો જેમાં સાવરકુંડલા અને ખાંભા. તાલુકાના અલગૌ અલગૌ શાળાના વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક અલગૌ અલગૌ કૃતિઓ અને પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. ખાંભા અને સાવરકુંડલા એમ બે તાલુકાનું એસ.વી.એસ કક્ષાનું બાળ ગણિત વૈજ્ઞાનિક પ્રદર્શન ખાંભા ખાતે યોજાયું હતું જેમાં ખાંભા અને સાવરકુંડલા એમ બે તાલુકા માંથી કુલ ૪૫ જેટલી કૃતિઓ અને પ્રોજેક્ટ જુદા જુદા ૫ વિભાગૌમાં રજૂ કરવામાં આવ્યા હતા જેમાં હરણી કાડ જે થયો તેને લઈ વિદ્યાર્થીઓએ બોટ કે હોડીમાં મર્યાદા કરતા વધારે લોકો બેસે તો હોડી. બોટમાં સાયરન વાગે તો લોકો ને જાણ થાય કે હોડી બોટ વધારે લોકો બેઠા તો લોકો ને જાણ થાય એટલે માટે હરણી કાર્ડ જેવી ઘટના અટકી સકે નો લોકો જાગૃત થાય તેવા હેતુ થી પ્રોજેક્ટ કરિયો હતો વિભાગમાંથી સારી અને શ્રેષ્ઠ ૨ કૃતિઓ અને એસ. વી.એસ માંથી કુલ ૧૦ કૃતિઓ જિલ્લા કક્ષામાં ભાગ લેવા જશે અને એ જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન માંથી આગળ ઝોન કક્ષા માંથી રાજય કક્ષા અને એમાંથી નેશનલ કક્ષા સુધી આ વિદ્યાર્થીઓ કૃતિઓ અને પ્રોજેક્ટ રજૂ કરશે આ તકે ખાંભા ના રાજકીય આગેવાનો સંતો વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યકમ સફળ બનાવવા શિક્ષ સ્ટાફે ભારે જેહમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીની સાધારણ સભા યોજાઈ



ગુજરાતના સહકાર ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવીને અમરેલી જીલ્લાનું ગૌરવ વધારનાર સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળી લી. બગસરાની ચૌદમી સાધારણ સભાનું આયોજન કડવા પટેલ સમાજ વાડી, અમરેલી ખાતે કરવામાં આવ્યું. સંસ્થાના ચેરમેન અનિલભાઈ વેકરિયા કહે છે કે, સહકારમાં મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના દર્શન થાય છે. સરદાર પટેલના સુરાજયનો સેતુ સહકારથી સાકાર થાય છે અને ત્રિભુવનદાસ પટેલે પ્રગટાવેલી સહકારની જયોતથી ભારતની પ્રગતિનો પથ તૈયાર થયો છે. અમારી સંસ્થાના પાયામાં પણ સ્વરાજ, સુરાજય અને સહકારના સિદ્ધાંતો છે. આ સિદ્ધાંત પર કામ કરતી આ સંસ્થાની સાધારણ સભા કર્મનિષ્ઠ કર્મચારીઓને સમર્પિત કરવામાં આવી હતી. કર્મયોગી કર્મચારીઓ કર્તવ્યનિષ્ઠા અને પ્રમાણિકતા કોઈપણ સંસ્થાની પ્રગતિની આધારશિલા બનતી હોય છે. સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળીનો પણ કંડારવામાં કર્મચારીઓને એવોર્ડ અને રોકડ પુરસ્કાર આપીને જુદી કેટેગરીમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાની પ્રગતિમાં હરહંમેશ જરૂર પડે ત્યારે મદદની ભાવના સાથે સાથ આપનાર ખ્યાતનામ જયોતિર્ષાય રોહિતભાઈ જીવાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આર્કિટેકટ લતેશભાઈ ગજજરને પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના એમ ડી જયસુખભાઈ ગોંડલીયાએ સૌ કર્મચારીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યાં હતાં. સંસ્થાના વાઈસ ચેરમેન દિવ્યેશ વેકરિયા અને મંત્રી દિપકભાઈ આંબલિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## પૂ. બાપુની જન્મ જયંતી નિમિત્તે

# અમરેલી ખાતે કોંગ્રેસના આગેવાનોએ પૂ. ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કર્યો

### પુર્વ પ્રમુખ ડી.કે. રૈયાણી, એડવોકેટ સૈયદ સહિતના આગેવાનો જોડાયા



અમરેલી, તા. ૨

ગાંધીજયંતીના પાવન પર્વના અવસરે જિલ્લા કાંગ્રેસ સમિતિ દવારા પૂજય મહાત્મા ગાંધીજી ને શ્રદ્ધા સુમનઅર્પણકરવાનો કાર્યક્રમ ગાંધીબાગ અમરેલી ખાતે યોજાયેલ હતો.

આપ્રસંગે જિલ્લા સમિતિના આગેવાનો દવારા પૂજય બાપુના સ્મરણો અને વિચારો બાબત ચર્ચા વિચારણા થયેલ અને પૂજય બાપુના જીવન વિશે તથા પૂજય બાપુના વિચારો વિશે ચર્ચા થયેલ કાંગ્રેસ પક્ષ હમેશા ગાંધી વિચાર ના પાયા પર રચાયેલ પક્ષ છે.

આજ રોજ અમરેલી ગાંધીબાગ ખાતે પૂજય બાપુની પ્રતિમા ખાતે જિલ્લા કાંગ્રેસ સમિતિના પૂર્વપ્રમુખ ડી. કે. રૈયાણી અમરેલી શહેર કાંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યા પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ટીકુભાઈ વરૂ, રફીકભાઈ મોગલ, મુઝફફર હુસેન સૈયદ, નરેશભાઈ અધ્યારૂ, જમાલભાઈ મોગલ, સંદીપ ધાનાણી, ભાવેશ પીપળીયા, પ્રહલાદ સોલંકી, અનકભાઈ, જગૈદીશ તળાવિયા, જગૈદીશ પાનસૂરિયા, અશ્વિનસિંહ ગોહિલ, રમેશભાઈ ગોહિલ, જનક પંડ્યા, બાબુભાઈ પાણીયા, અરવિંદભાઈ સીતાપરા સહિતના કાંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં**

અમરેલીયા નામનાં ૪૨ વર્ષિય આધેડે તા. ૧ના રોજ ૧૧:૩૦ વાગ્યે નાણાકીય આર્થિક સંકડામણના કારણે કંટાળીને પોતાના ઘરે રૂમમા પંખા સાથે પોતાની મેળે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા સનાભાઈ લઘરાભાઈ રાતડીયા નામનાં ૫૮ વર્ષિય આધેડ તા. ૧ના રોજ સવારે ૯ વાગ્યે પોતાની વાડીએ ગાયોને નીરણ નાખવા ગયા હતા ત્યારે અચાનક જ ગાયે તેમને માથુ મારતા તેઓ નીચે પડી જતા આધેડને માથાના અંદરના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં લાઠી તાલુકાના પીપળવા ગામે મધુભાઈ ભંડેરીની વાડીમાં રહેતા અને મુળ જાનબાઈ દેરડી ગામના વતની અશોકભાઈ હિંમતભાઈ વણોદીયા નામનાં ૩૫ વર્ષિય યુવકનો દિકરો સાગર અવાર–નવાર બહાર જતો રહેતો હોય અને પોતે પોતાના દિકરાને સમજાવતા સમજાવતા પોતે ખીજાયેલ હોય. જે બાબતે પોતાને મનમાં લાગી આવતા ગત તા. ૩૦ના રોજ રાત્રે ૯ વાગ્યે જાનબાઈ દેરડી ગામે પોતે પોતાની મેળે ઝેરી દવા પી લઈ આપઘાત કરી લેતાં તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ચોથા અને અંતિમ બનાવમાં સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામના વતની અને હાલ લાઠી તાલુકાના લુવારીયા ગામે રહેતા રેખાબેન ભુપતભાઈ ખુમાણ નામનાં ૪૭ વર્ષિય મહિલા તા. ૧નાં સવારના આશરે સાતેક વાગ્યે લુવારીયા ગામે પોતાના ઘરે રસોડામાં ટેબલ ઉપર ઉભા રહી રસોડાની સાફસાફાઈ કરતા હોય. તે વખતે અચાનક જ ટેબલનો પાયો તુટી જતા તેણી નીચે પડતા માથાની પાછળ ઓડના ભાગે લોખંડની પેટીની ધાર વાગી જતા અને ત્યાર બાદ તેઓને બેઠા કરતા તેણી બેભાન હાલતમાં હોય જેથી ફરી પાછા ગેસના ચુલા ઉપર ઢળી જતા માંથાના ભાગે ગેસના ચુલાની પતરાની ધાર માંથાની ડાબી બાજુ નેણ ઉપર વાગી જતા ગંભીર ઈજા થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેણીનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી ખાતે પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા**

મંદિર ખાતે 'સ્વચ્છ ભારત દિવસ' જિલ્લાકક્ષા ઉજવણી સંપન્ન થઈ હતી.

કાર્યક્રમમાં સાવરકુંડલા–લીલીયા વિસ્તાર ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પ્રારંભ પૂર્વે સર્વ મહાનુભાવઓએ અમરેલીના ગાંધી બાગ ખાતે પૂ. બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને ભાવવંદન સહ શ્રદ્ધાજંલિ અર્પણ કરી હતી.

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ સહિત સર્વ મહાનુભાવોએ અમરેલીના સેન્ટર પોઈન્ટ સહિતના વિસ્તારમાં સાફ–સફાઈ કરીને 'સ્વચ્છતા હી સેવા : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' નો સંદેશ પ્રસરાવ્યો હતો.

કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત જન ભાગીદારીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સાવરકુંડલા તાલુકાનું સન્માન કરવામાં આવ્યું હતું. સફાઈ મિત્ર સુરક્ષા શિબિરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ધારી તાલુકાને પ્રમાણપત્ર અને નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પ્રોત્સાહન સાથે રૂા. ૧૦ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતાલક્ષી એકમને રૂપાંતરિત કરવામાં શ્રેષ્ઠ કામગીરી કરી છે તેવા ખાંભાના રાયડી, સાવરકુંડલાના જીરા, બગસરાના લુંઘીયા ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યુ હતુ.

વિધાનસભા નાયબ મુખ્ય દંડક વેકરિયાએ કહ્યુ કે, પૂ. ગાંધીબાપુએ સમગ્ર વિને 'સ્વચ્છતા' સાથે 'સમરસતા'ના અમૂલ્ય વિચારોની ભેટ આપી છે. સ્વચ્છ ભારત મિશન અતર્ગત સ્વચ્છતાનું જન આંદોલન સતત શરૂ રહે તે માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જરૂરી છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યુ કે, રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીએ વર્ષો પૂર્વે ભારતની સ્વાતંત્ર્યની લડાઈની સાથે 'સ્વચ્છતા' અને 'અસ્પૃશ્યતા' નાબૂદીના વિચારોને અમલમાં મૂકી સમાજ ઉત્કર્ષ માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતુ. સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સમરસતાનો તેમનો સંદેશ સમગ્ર વિમાં હકારાત્મક પરિવર્તન લાવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાથી દેશવ્યાપી 'સ્વચ્છ ભારત મિશન' નો પ્રારંભ કરાવ્યો હતો, આ મિશનના સફળતાના ૧૦ વર્ષ પૂર્ણ થયા છે.

અમરેલી સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, પ્રમુખ વાટિકા ખાતે 'સ્વચ્છ ભારત દિવસ' ઉજવણીના જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, પદાધિકારીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સર્વઅર્પણ ચાવડા અને દીપાબેન કોટક, અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસર પટેલ, પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને સફાઈ કર્મીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં લાઈટ હાઉસ રોડ ઉપર**

કુદરતી હાજતે ગયેલા હતાં ત્યારે તે યુવક પર સિંહે હુમલો કરી દીધો હતો. તેમાં આ યુવકને કપાળના ભાગે અને હાથના ભાગે સિંહે ગંભીર ઈજાઓ કરતાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે પ્રથમ જાફરાબાદ અને વધુ સારવાર માટે રાજુલા દવાખાને ખસેડાયો હતો. આ બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં વન વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને સિંહને પકડવા માટે થઈને પીંજરા ગોઠવવા માટેની કાર્યવાહી શરૂ કરેલ છે.

## જુનાગઢની ટ્રેન સવારે ૭.૧૦ કલાકે ઉપડશે

# અમરેલીથી જુનાગઢ અને વેરાવળ રૂટની ટ્રેનના સમયમાં ફેરફાર

### વેરાવળની ટ્રેન સવારે ૬.૩૦ અને બપોરે ૧૨.૨૫ કલાકે ઉપડશે

અમરેલી, તા. ૨

અમરેલીથી ઉપડતી જૂનાગઢ અને વેરાવળ સહિતની ૧૦ જેટલીની ટ્રેનમાં સમયમાં આગામી તા. ૭ થી ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં હવે અમરેલીથી જૂનાગઢની ટ્રેન સવારે ૭:૧૦ કલાકે અને વેરાવળની ટ્રેન સવારે ૬:૩૦ તેમજ ૧૨:૨૫ કલાકે ઉપડશે. ભાવનગર રેલવે મંડળ દ્વારા મીટરગેજ સેક્શનમાં દોડતી ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે.



આ અંગે ભાવનગૌર રેલવેના વાણિજય પ્રબંધક માશૂક અહમદે જણાવ્યું હતું કે, એશિયાટીક સિંહોની સલામતી માટે ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ કાંસિયાનેશ–સાસણગીર અને જૂનાગઢ–બીલખા સેક્શનમાં રાત્રિ દરમિયાન ટ્રેનો ચલાવવાની નથી.

ત્યારે હાલતમાં ટ્રેન નંબર ૦૯૫૩૧ દેલવાડા–જૂનાગઢ અને ટ્રેન નંબર ૦૯૫૪૦ જૂનાગઢ–અમરેલી તેમના ગંતવ્યસ્થાને ૨૦:૨૦ કલાક અને ૨૦:૩૦ કલાકે પહોંચી જશે. આ ટ્રેનો સમયસર પહોંચે તે માટે ભાવનગૌર રેલવે વિભાગૌ મીટરગેજ પર દોડતી ૧૦ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. આગામી તા. ૭ થી અમરેલીથી ઉપડતી તમામ ટ્રેનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. અમરેલી જૂનાગઢ સવારે ૬:૩૦ના બદલે સવારે ૭:૧૦ કલાકે ઉપડશે. આ ટ્રેન ૪૦ મિનીટ મોડી ઉપડશે. ઉપરાંત અમરેલીથી વેરાવળની ટ્રેન સવારે ૮:૫૦ કલાકના બદલે હવે સવારે ૬:૩૦ કલાકે ઉપડશે. એટલે કે ૨:૨૦ મિનીટ વહેલા ઉપડશે. તેમજ વેરાવળની અન્ય ટ્રેન બપોરે ૧૨:૧૦ કલાકના બદલે હવે ૧૨:૨૫ કલાકે એટલે કે ૧૫ મિનીટ મોડી ઉપડશે. ઉપરાંત અમરેલી, જૂનાગઢ, દેલવાડા સુધી જતી મીટરગેજ ટ્રેનોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

અપડાઉન કરતા મુસાફરોની મુશ્કેલીમાં વધારો થશે રેલવે તંત્ર દ્વારા ૧૦ મીટરગેજ ટ્રેનના સમયમાં આ પ્રમાણે ફેરફાર કરવામાં આવેલ છે.

# સાવરકુંડલા : એસ.એમ.કે. શૈક્ષણિક સંકુલમાં ગાંધી જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા



સાવરકુંડલા, તા. ૨

એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં ગાંધી જયંતીના અનુસંધાને સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને સ્વચ્છતા અભિયાન. અને એક પાત્રીય અભિનય અને ગાંધીજીના વિચારો રજૂ કરતી એક સ્પીચ રાખેલ તેમાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો જે વિદ્યાર્થીઓના ચિત્રમાં અને નિબંધમાં નંબર આવ્યા હતા તે વિદ્યાર્થીને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ ગાંધીજીના વિચારો સંકુલના એકેડેમી ડાયરેક્ટર બોદર સૌ બાળકોને સંભળાવ્યા હતા તેમજ જે કોઈ ભાગૌ લીધો હતો તેઓને અભિનંદન આપ્યા હતા.

# અમરેલી : સીનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા ચિત્રકલા પ્રદર્શન યોજાયુ



છેલ્લા ૧૯ વર્ષથી ચાલતા સિ.સિ.મંડળ અમરેલીમાં દર માસે વૈવિધ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ માસની બેઠકમાં ચિત્રોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ થયો પ્રમુખ રવજીભાઈ કાચાએ સૌ વડીલોને આવકાર આપ્યો બાદ ચિત્રકારનું સન્માન કનુભાઈ જોષી અને જેરામભાઈ પટોળીયા ધ્વારા કરવામાં આવ્યું. કાચા પરીચય આપતા જણાવાયું કે જે.પી.પડાયા ફોરવર્ડ સ્કૂલના ટીચર હતાં. તેઓ ચિત્રકલાનું આબેહૂબ વર્ણન કરે છે. ઉપરાંત તમે સામે બેસો તો લાઈવ ચિત્ર બનાવી આપે છે. સૌ વડીલો પ્રદર્શન નીહાળી આનંદ થયો. તેમણે જણાવ્યું કે હંમેશ મારા ચિત્રોમાં મેં પ્રાણ પુરી બનાવ્યા છે. બાદ ગણપતિ મહોત્સવ ચાલતો હોય બહેનોએ ગણપતિ બાપા મોરીયાની ધૂન બોલાવી બાદ જન્મદિન શુભેચ્છા, વડીલોને હેપ્પીબર્થડે દ્વારા આપવામાં આવી. આજના ભોજન સ્પોન્સર ઈલાબેન અશોકકુમાર જોષીએ પુત્ર મોહિતની બીજી પુણ્યતિથી નિમીતે સૌ વડીલોને મીષ્ટ ભોજન કરતા તેમનું પરિવારનું સન્માન કરવામાં આવ્યું. આજની બેઠકમાં વાસુદેવભાસ સોઢા ભાવનગરથી ગ્રાહક સુરક્ષા કેન્દ્રના જજ પ્રતિક્ષાબેન ત્રિવેદી પધારતા તેમનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત થયું તેમણે કાયદા બાબતે માર્ગદર્શન આપ્યું. જયેશભાઈ ઉપાધ્યાયે મંડળ દ્વારા ચાલતા કરૂણા અભિયાન કાર્યની જાન્યુઆરી થી જુલાઈ સુધીની માહિતી આપી. જેમાં ઝૂંપડપટીના બાળકોને નાસ્તો, બહેરામૂંગા શાળામાં નાસ્તો, ગરીબ બાળકોને ઉનાળામાં ચંપલ વિતરણ ગાયોને ઘાસચારો તથા બિમાર ગાયોને સારવાર દવા નિરણ વિગેરે પૂર્વ પશુડોકટર કુંજડીયા સાથે રાખી કરવામાં આવ્યું. અંતમાં ટોમભાઈ દ્વારા આભાર તરૂલતાબેનનું સંચાલન, રાષ્ટ્રગીત બાદ સૌ વડીલો છૂટા પડયાન તેમ કનુભાઈ જોષીની યાદીમાં જણાવેલ છે. સિનિયર સિટીઝન્સ સોસાયટી અમરેલી દ્વારા ચિત્રકલા પ્રદર્શન યોજાયું.

## રાધિકા હોસ્પિટલની પાછળ આવેલ પાણાખાણથી વ્યાપક પરેશાની

# અમરેલીમાં જીવલેણ બનેલ પાણાખાણને બુરી દો


**નગરસેવકોએ પાણાખાણ બુરવાની કરેલ માંગનો રાજકીય ઈશારે અસ્વીકાર થયો**


**પાણાખાણમાં વિધાસભા સંકુલનું ગંદુ પાણી જમા થતું હોવાથી કોઈ કાર્યવાહી થતી નથી**

**પાણાખાણમાં ગંધાતું પાણી ઓવરફ્લો થઈને જાહેરમાર્ગો પર ફરી વળે છે**

**નજીકની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં બાળકોનાં આરોગ્ય પર ગંભીર ખતરો**







અમરેલી, તા. ૨

અમરેલીશહેરનાએરપોર્ટની દીવાલપાસેઆવેલજીવલેણપાણાખાણ જવાબદારતંત્રદ્વારાબુરવામાંનઆવતા ખાણનાગંદાપાણીરોડઉપરફરીવળતા રાહદારીઓને પારાવાર મુશ્કેલી સહન કરવા સાથે રોગચાળો ફેલાવાની દહેશત ઉભીથયેલછે.

પ્રાપ્ત વિગત મુજબ અનેક લોકોના જીવ હણી લેનાર જીવલેણ પાણાખાણ બુરી નાખવા આ વિસ્તારના પાલિકાના સદસ્યોં દ્વારા પાલિકામાં રજૂઆત કરવામાં આવેલ હતી. પરંતુ મોટા માથાના રાજકારણીઓના ઈશારે પાણાખાણ બુરવામાં આવતી ન હોવાનું ખુદ સદસ્યોમાં ગણગણાટ થયેલ હતો. કારણ કે વિદ્યાસભાનું ગંદુ પાણી જે તે સમયે આ ખાણમાં ઠલવાતું હતુંજેના કારણે ખાણ બુરવામાં આવતી ન હતી. દુર્ગંધ મારતી ખાણમાં અનેક માનવ જિંદગી હણાય ગયેલ હતી. હાલ ખાણનું ગંદુ પાણી ગોળ દવાખાના, બીઆરસી ભવન, લો કોલેજ, બ્રાહ્મણ સોસાયટી જવાના મુખ્ય રોડ ઉપર ફરી વળેલ છે. વિદ્યાર્થીઓ, રાહદારીઓને આ રોડ ઉપરથી પસાર થવુંમુશ્કેલ બનેલછે. દુર્ગંધ મારતા ગંદા પાણીથી હાલની તાવ, ડેન્ગ્યુ જેવા ફેલાયેલા રોગમાં વધારો થવાની દહેશત ઉભી થયેલ છે. જવાબદાર તંત્ર દ્વારા આ પાણાખાણ બુરી નાખી જાહેર રોડ ઉપર છવાતા ગંદા પાણીથી લોકોને બચાવવા માંગણી ઉઠેલ છે.


### મા ના ઉપાસકોમાં ભકિતના ઘોડાપુર

# અમરેલી જિલ્લામાં આજથી નવરાત્રિ પર્વનો આસ્થાભેર પ્રારંભ

**શેરી ગરબાથી લઈને પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ રમશે**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં આવતીકાલ ગુરૂવારથી નવરાત્રિ મહોત્સવનાં આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ થઈ રહયો છે. શેરી ગરબાઓથી લઈને પાર્ટી પ્લોટનું પણ આયોજન કરવામાં આવેલ છે. તેમજ માતાજીનાં ભકતોમાં પણ આસ્થાના ઘોડાપુર જોવા મળી રહયા છે.



અમરેલીનાં તુલસી અને ગણેશ પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ ઘરતી ઘુજાશે તો ગજેરાપરા પટેલવાડી પાસે સંકલ્પ રાસોત્સવનું આયોજન કરવામાં આવેલછે. તો જિલ્લાના દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ માતાજીની આરાધનાં કરવામાં આવશે.

### શહેરી વિસ્તારમાં પણ રાનીપશુઓનું આગમન

# જાફરાબાદનાં લાઈટ હાઉસ રોડ ઉપર એક યુવક ઉપર સિંહે હુમલો કર્યો

**ઈજાગ્રસ્ત યુવકને સારવારમાં ખસેડવામાં આવ્યો**

અમરેલી, તા. ૨

જાફરાબાદનાલાઈટહાઉસ રોડપરએકયુવકઉપરસિંહેહુમલોકરી તેને ઘાયલ કરી દેતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ છે. આ બનાવઅંગેવનવિભાગનેજાણકરવામાં આવતાં વન વિભાગે તાત્કાલિક સિંહને પકડવા માટે થઈને કાર્યવાહી શરૂ કરેલ છે.



આબનાવમાંજાણવામળતી વિગત મુજબ જાફરાબાદના લાઈટ હાઉસ રોડ ઉપર રહેતા જીગર માલાભાઈ બારૈયા નામનાં યુવક આજે

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)